આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીના ૧૧ ગામોમાં ત્રણ દિવસથી પાણીની બૂમ

### પાણી-પુરવઠા વિભાગ દ્વારા દમણગંગા નદીમાંથી કાચું પાણી લઈ સલવાવ-બલીઠામાં ફિલ્ટર કરી વિતરણ કરાય છે પરંતુ નદીથી સલવાવ તરફ આવતાં મુખ્ય પાઈપલાઈનમાં કરવડમાં ભંગાણ પડતાં આ સમસ્યા સર્જાઈ છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી મહાનગરપાલિકા હદમાં સમાવિષ્ટ ૧૧ ગામોને પીવાનું પાણી પૂરું પાડતી પાણી પુરવઠા વિભાગની મુખ્ય પાઈપલાઈન કરવડ ગામ નજીક ક્ષતિગ્રસ્ત થતાં છેલ્લા ત્રણ દિવસથી પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. પરિણામે અંદાજે દોઢ લાખથી વધુ લોકો પીવાના પાણી ની જરૂરિયાતો માટે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પાણી સપ્લાય બંધ રહેતાં લોકો ખાનગી ટેન્કર, બોરવેલ અને અન્ય વિસ્તારોમાંથી પાણી મેળવવા મજબૂર બન્યા છે. સતત ત્રણ દિવસથી પાણી ન મળતાં મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોએ તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ કરી નિયમિત પાણી પુરવઠો શરૂ કરવાની માંગ ઉઠાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપીના કરવડ ખાતે થી પસાર થતી પાણી પુરવઠા વિભાગની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ પડતાં સમગ્ર વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. કારણ કે દમણ ગંગા નદીના વીયર માંથી સીધું પાણી ખેંચી ચણોદ કરવડ થી સલવાવ બલીઠામાં સ્ટોરેજ કરી ત્યાં પાણી ફિલ્ટર કર્યા બાદ ઉપરોક્ત ગામોમાં પાણી વિતરણ કરવામાં આવે છેજોકે સંબંધિત પાણી પુરવઠા વિભાગ દ્વારા હજુ સુધી કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી, જેના કારણે ૧૧ ગામોના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વાપી મહાનગરપાલિકામાં ચણોદ, કરવડ, છીરી, છરવાડા બલીઠા મોરાઈ, વટાર, કુંતા, નામધા અને ચંડોર મળી કુલ ૧૧ ગામોનો સમાવેશ વાપી મહાનગરપાલિકામાં કરવામાં આવ્યો હોવા છતાં પાણી વિતરણની જવાબદારી હજુ સુધી વલસાડ જિલ્લા પાણી પુરવઠા વિભાગ પાસેથી મહાનગરપાલિકાને સોંપવામાં આવી નથી. પરિણામે જવાબદારીના અભાવે આવી સમસ્યાઓ વારંવાર સર્જાઈ રહી છે.

સ્થાનિકોએ સંબંધિત વિભાગના અધિકારીઓને તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ કરી પાણી પુરવઠો પૂર્વવત્ શરૂ કરવા તેમજ પાણી વિતરણની કામગીરી મહાનગરપાલિકાને વહેલી તકે સુ-ત કરવાની માંગ કરી છે.

જોકે ૧૧ ગામને પાણી પુરવઠો પૂરું પાડતી એજન્સીને રાજ્ય સરકાર દ્વારા પાંચ વર્ષનો કરાર કરાયો હોય જેને કારણે તેઓ હસ્તક કામગીરી કરાઈ રહી છે જેને કારણે ઉપરોક્ત સમસ્યા ઊભી થઈ રહી છે

## વાપીમાં રવિવારે માંડ એક જ ઈંચ વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આજે વહેલી સવારથી સાંજે છ કલાક દરમિયાન ૧૯ મિ.મી. (પોણો ઈંચ) વરસાદ નોંધાયો હતો. આ સાથે ચાલુ ચોમાસા નો કુલ વરસાદનો આંક ૪૮૧ મિ.મી. એટલે કે ૧૯.૨૪ ઈંચ પર પહોંચી ગયો છે.

સતત વરસેલા વરસાદને કારણે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

વરસાદના પગલે રેલવેના જે-ટાઈપ અન્ડરબ્રિજ તેમજ જૂના રેલવે અન્ડરબ્રિજમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો.

અનેક વાહનચાલકોને લાંબા સમય સુધી રાહ જોવી પડી હતી, જ્યારે કેટલાક લોકોએ વૈકલ્પિક માર્ગોનો સહારો લીધો હતો.

બીજી તરફ બલીઠા અન્ડરબ્રિજ વિસ્તારમાં રસ્તો બેસી જવાની ઘટના તેમજ પાણીના લીકેજને કારણે વાહનોની અવરજવર ધીમી બની હતી.

પરિણામે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વાપી પંથકમાં ચોમાસાની શરૂઆતથી જ શહેરમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા વારંવાર સામે આવી રહી છે. સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના ઝડપી નિકાલ, અન્ડરબ્રિજોમાં પંપિંગ વ્યવસ્થા ૨૪ કલાક યુદ્ધના ધોરણે ચલાવે જેને લઈ અંડર બ્રિજમાં પાણી ભરાવાના બનાવ ન બને એટલે વાહન વ્યવહાર સરળતાથી ચાલુ રહે તેવી લોકોમાં ચર્ચા ચાલી રહી છે.

## વલસાડ, નવસારી, ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડમાં મેઘરાજાએ બે દિવસ અગાઉ ભારે વરસાદ પડ્યા બાદ બે દિવસથી સમગ્ર જિલ્લામાં ભારે વરસાદની આગાહી તેમ છતાં વરસાદ છૂટો છવાયો પડતા લોકોને મોટે રાહત મળી છે. ભારતીય હવામાન વિભાગ (IMD), અમદાવાદ દ્વારા તા. ૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૩ કલાકે આગામી ૨૪ કલાક માટે ડાંગ સહિત ગુજરાતના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં અતિ ભારે (Extremely Heavy Rain) વરસવાની સંભાવના વ્યક્ત કરતાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ચેતવણી તા. ૦૬ જુલાઈ, ૨૦૨૬ના બપોરે ૩:૦૩ કલાક સુધી અમલમાં રહેશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે આગામી ૨૪ કલાક દરમિયાન ખૂબ જ સાવચેત રહે, બિનજરૂરી મુસાફરી ટાળે તેમજ નદી, નાળા, ધોધ અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળે. ભારે વરસાદને કારણે પાણી ભરાવા, વૃક્ષો પડવા તથા માર્ગ અવરોધ જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. ખેડૂતો, વાહનચાલકો તથા પ્રવાસીઓને ખાસ તકેદારી રાખવા તેમજ હવામાન વિભાગ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવે છે. કોઈપણ પ્રકારની આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તો નજીકના તાલુકા વહીવટીતંત્ર, પોલીસ, ફાયર સર્વિસ અથવા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કંટ્રોલ રૂમનો તાત્કાલિક સંપર્ક કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.









## ગણદેવીમાં રસ્તાઓ પરથી કાદવ-કીચડ અને જળકુંભી દૂર કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૫ :** ભારે વરસાદ અને પૂરની સ્થિતિ જેવી પરિસ્થિતિ બાદ પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, ગણદેવી દ્વારા શનિવારે પ્રભાવિત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા નદી કાંઠાના સાલેજ અને ઈચ્છાપોર ગામમાં રસ્તાઓ પર જમા થયેલા ભારે કાદવ-કીચડની સફાઈ કરવામાં આવી હતી, તેમજ અમલસાડના કાયા તળાવ અને કલમઠા વિસ્તારમાં પાણીના વહેણને રોકતી જળકુંભીને દૂર કરાઈ હતી. વાહનવ્યવહારથી સતત ધમધમતા મુખ્ય માર્ગો પરથી જેસીબી અને મજૂરોની મદદથી માટી હટાવ્યા બાદ પાણીનો હાઈ-પ્રેશર મારો ચલાવીને રસ્તાઓ એકદમ ચોખ્ખા કરવામાં આવ્યા હતાં. તંત્રની આ ત્વરિત કામગીરીને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોની અવરજવર સુગમ બનતા લોકોએ ભારે રાહત અનુભવી હતી.

## ચીખલીમાં તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૭ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા બુધવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત જુલાઈ-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે.જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની ફરિયાદ અરજીઓ સાથે સંબંધિત પુરાવાઓ તથા સંપર્ક માટેનો મોબાઈલ નંબર દર્શાવી અરજીના મથાળે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ - જુલાઈ -૨૦૨૬ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી મામલતદાર, ચીખલી ના સરનામે ૧૦ જુલાઈ ૨૦૨૬ સુધી ટપાલ દ્વારા અથવા રૂબરૂ મોકલી આપવાની રહેશે.

## અમલસાડ અંબિકા નદીના બ્રિજ પર સમારકામ બાદ ફરી વાહનવ્યવહાર શરૂ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** બીલીમોરાથી અમલસાડને જોડતી અંબિકા નદી પર આવેલા મેજર બ્રિજ પર શનિવારે અચાનક મોટું ગાબડું અને તિરાડ દેખાતા વાહનવ્યવહાર અટવાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું અને અકસ્માત નિવારવા બ્રિજ પર બેરિકેડ્સ મૂકી રસ્તો વાહન વ્યવહાર માટે સંપૂર્ણ બંધ કરી દીધો હતો. અંબિકા નદી પરનો મુખ્ય બ્રિજ કાંઠા વિસ્તારના ગામો માટે લાઈફલાઈન સમાન છે. આ બ્રિજ બંધ થતાં બીલીમોરાથી અમલસાડ, ભાઠા, માસા, મોવાસા, છાપર, વાડી, કોથા, વાસણ, સરીબુજરંગ, કૃષ્ણપુર, અબ્રામા, છાપર અને કલમઠા સહિતના ૧૧ જેટલા ગામોનો સીધો સંપર્ક તૂટી ગયો હતો. જેના કારણે નોકરી-ધંધા અને જરૂરી કામ અર્થે બીલીમોરા આવતા સ્થાનિકોને વાયા ધમડાછા-ગણદેવી થઈને લાંબો ચકરાવો કાપવાની ફરજ પડી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ નવસારી માર્ગ અને મકાન વિભાગના ઈજનેર નિલય નાયક અને તેમની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

અને યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી આદરી હતી. બ્રિજ પર પડેલી તિરાડ અને ગાબડાને પૂરવા માટે પાંચ જેટલી ટ્રકો ભરીને પથ્થરો તેમજ બે ટ્રક જેટલો સિમેન્ટ-કોંક્રિટનો માલ મંગાવીને રિપેરિંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું.ત્વરિત કામગીરી ના પગલે સાંજે બ્રિજ ફરી વાહનવ્યવહારની અવરજવરથી ધમધમી ઉઠ્યો હતો.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૬-૦૭-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** જેઠ, સાતમ **સૂર્યોદય :** ૦૬ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૭ :૨૫, **ચંદ્રોદય** - ૧૧:૩૭ **ચંદ્રાસ્ત** - ૧૨:૧૫ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - પૂર્વભાદ્રપદ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમને નવા અવસર મળશે અને તમારી સમજદારીથી સમાજમાં ઓળખ મજબૂત થશે. આર્થિક નિર્ણયો ભવિષ્યમાં લાભદાયી રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજનો દિવસ જવાબદારીઓને સફળતામાં બદલવાનો છે. પરિવાર સાથે આનંદદાયક સમય વિતશે અને માનસિક શાંતિ મળશે.

**મિથુન (ક, ઘ, ચ) :** વડીલોના આશીર્વાદ તમારું આત્મવિશ્વાસ વધારશે. કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયમાં ઉતાવળ ન કરવી.

**કર્ક (ડ, હ) :** સંતુલન જાળવવું એ તમારી સફળતાની ચાવી રહેશે. આવક અને ખર્ચ વચ્ચે તાલમેલ જળવાઈ રહેશે.

**સિંહ (મ, ટ) :** આર્થિક લક્ષ્યો તરફ આગળ વધશો. કામમાં સ્પષ્ટતા જળવાઈ રહેશે અને બીજાની સલાહ સાંભળવી ફાયદાકારક રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારી લાગણીઓ આજે તમને માર્ગદર્શન આપશે. અંગત જરૂરિયાતો અને અન્યની સંભાળ વચ્ચે સંતુલન રહેશે.

**તુલા (ર, ત) :** દિવસના પડકારોનો સામનો કરવા માટે તમારી ધીરજ અને શક્તિ પર ભરોસો રાખો.

**વૃશ્ચિક (ન, ય) :** તમારી કાર્યસ્થળ પર કરેલી મહેનત રંગ લાવશે અને વ્યાવસાયિક જીવનમાં પ્રશંસા મળશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** વાતચીત દ્વારા સંબંધો મજબૂત થશે. તમારા -યાસોને સતત માન્યતા મળતી રહેશે.

**મકર (ખ, જ) :** નવી દ્રષ્ટિ માટે તૈયાર રહેશો અને પોતાની ભાવનાઓનું સન્માન કરવાનો સમય છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** તમારી આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ દરમિયાન સ્વાસ્થ્ય પણ અનુકૂળ અને ઉત્સાહવર્ધક રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** લવ લાઈફ સારી રહેશે અને નોકરી-વ્યવસાયમાં આગળ વધવાના સત્તાવાર તકો મળશે.

## ચીખલી તાલુકા કોળી પટેલ સમાજ વાડીની ૪૫ મી વાર્ષિક સામાન્યસભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૫ :** ચીખલી તાલુકા કોળી પટેલ સમાજ મંડળ ચીખલીની સમાજ વાડી ખાતે તાજેતરમાં ૪૫ મી વાર્ષિક સામાન્ય સભા નું આયોજન કરવામાં આવ્યું હતું સમાજ વાડીના પ્રમુખ સમીરભાઈ ઝેડ. પટેલના અધ્યક્ષપણા હેઠળ મંડળની ટ્રસ્ટીઓના માર્ગદર્શનુસાર મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યના સહીયારા પ્રયાસથી સામાન્ય સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના મંગલાચરણથી કરવામાં આવી હતી ત્યારબાદ મંડળના ટ્રસ્ટીઓ હોદ્દેદારો અને મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા મુજબ સભાની આગળની કાર્યવાહી સમાજ મંડળના મંત્રી શૈલેષભાઈ જી. પટેલે એજન્ડાઓ અને કાર્ય સૂચિ મુજબ એજન્ડાઓનું વાંચન કરી હિસાબ કિતાબની તારીજ તથા ઉપજ ખર્ચ ખાતું અને તા.૩૧-૩-૨૬ના રોજનું સરવૈયું સામાન્ય સભામાં રજૂ કર્યું હતું. જેને તમામ સભ્યોએ વધાવી લઈ આગળ ઉપર પાસ કર્યું હતું. ત્યારબાદ મંડળના પ્રમુખનું નિવેદન ડોક્ટર અશોકકુમાર એલ પટેલે સભા સમક્ષ વાંચન કરીને રજૂ કર્યું હતું. ત્યાર પછી સમાજ વાડીના પ્રમુખ સમીરભાઈ ઝેડ. પટેલે પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામોની જાહેરાત કરી થયેલ કાર્યોને બિરડાવવા ત્યારબાદ ભવિષ્યના વિઝન પ્રોજેક્શનમાં સોલાર પેનલ, આર.ઓ. વોટર કુલિંગ પ્લાન્ટ, વચલા હોલનું બ્યુટીફિકેશન સ્ટેજને નવું મોટિફિકેશન કરવું તથા અન્ય સુધારા વધારાની ખાતરી ઉચ્ચારી હતી. આ ઉપરાંત આજના સમયની માંગ અનુસાર એક પાર્ટી પ્લોટનું આયોજનની વાત સભામાં વ્યક્ત કરી હતી. તેમજ ભવિષ્યમાં વાડીનું સ્થળાંતર થાય અને પાર્કિંગ વાળું અધ્યતન મકાન બને તેવા વિચારો સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં.

ત્યારબાદ બીલીમોરા કોળી પટેલ સમાજ વાડીના પ્રમુખ ધીરુભાઈએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું જ્યારે ભગુભાઈ પટેલ (નિવૃત્ત શિક્ષક) કન્નડ ગીત દ્વારા મનનીય પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમને અંતે આભાર વિધિ મંડળના ટ્રસ્ટી મગનભાઈ આર પટેલે કરી હતી. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો સભામાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો તથા આગેવાનો હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

## વાંસદામાં બંધ કરાયેલા ૨૪ રસ્તાઓ ફરીથી ખુલ્લા કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકા અને ઉપરવાસમાં થયેલા અતિભારે વરસાદને પગલે નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાતા ૨૪ જેટલા ડુબાઉ કોઝવે અને રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયા હતાં.



જો કે, વરસાદ વિરામ લેતાં જ પંચાયત માર્ગ અને મકાન વિભાગના વાંસદા પેટા વિભાગ દ્વારા તાત્કાલિક એક્શન મોડમાં આવીને યુદ્ધના ધોરણે સર્વે હાથ ધરાયો હતો. તંત્ર દ્વારા ધોવાયેલા એ-ોચ રોડનું સમારકામ અને વોટરવે સફાઈ સહિતની મરામતની કામગીરી ગણતરીના સમયમાં પૂર્ણ કરી તમામ રસ્તાઓ પર વાહન વ્યવહાર પુનઃ શરૂ કરી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, વાંસદા પેટા વિભાગના આગોતરા પ્રીમોન્સુન આયોજનના કારણે પાણી ઓવરટોપ થતાની સાથે જ બેરિકેટિંગ કરીને વાહનો અટકાવી દેવાયા હોવાથી કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માત સર્જાયો ન હતો, જે તંત્રની સતર્કતા દર્શાવે છે.

## વાંસદાનાં જાણીતા એડવોકેટ ભરતભાઈ દશોંદીનું દુઃખદ નિધન

**ધરમપુર, તા.૦૫ :** વાંસદા નગરનાં જાણીતા એડવોકેટ ભરતભાઈ દશોંદીનું હાર્ટએટેકથી દુઃખદ અવસાન મંગળવારે સાંજે વાંસદા મુકામે થયેલ છે. સદ્દગતનાં અવસાનનાં સમાચારથી નગરમાં શોકનું મોજુ ફેલાયું હતું. વાચાળ સ્વભાવ ધરાવતા સ્વ. ભરતભાઈનાં અવસાનથી વાંસદા નગરને એક બાહોશ એડવોકેટની ખોટ પડશે. વાંસદાના એડવોકેટ બાર એસોસીએશન શોક ઠરાવ પસાર



કરી કોર્ટ કામકાજથી દૂર રહી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

શૂન્યમાંથી સર્જન કરી સ્વ. ભરતભાઈએ પોતાની આગવી પ્રતિભા ઉભી કરી હતી. બહોળુ મિત્ર વર્તુળ ધરાવતા સ્વ. ભરતભાઈનાં અચાનક અવસાનથી તેમનાં મિત્રવર્તૂળ તેમજ પરિવારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયેલ છે. સદ્દગત ભરતભાઈનું બેસણું તા.૯ જુલાઈ ગુરુવારે બપોરે ૨ થી ૫ દરમ્યાન બ્રાહ્મણ સમાજની વાડી જુના દરબાર ખાતે રાખેલ છે.

## દમણ રેડિયો 102.3 FM

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## વાંસદાની સરકારી કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય અંગે સેમિનાર યોજાયો



**વાંસદા, તા. ૦૫ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા, તા.વાંસદા, જિ.નવસારી ખાતે આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ કૉલેજની IQAC કમિટી, સપ્તધારા અંતર્ગત સમુદાય સેવા ધારા તથા ફજ સેલના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે 'માનસિક સ્વાસ્થ્ય' વિષયક સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરાથી ઓએસિસ મૂવમેન્ટના પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેટર તરીકે યુવા પેઢીના ચારિત્ર્યનિર્માણ, નૈતિક મૂલ્યો અને 'હૃદયના શિક્ષણ'ના રાષ્ટ્રીય અભિયાનમાં સમર્પિત ભાવથી કાર્યરત અવધિબેન શાહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

તેમનું ઋદઅને સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ પ્રા. ડૉ. કલ્પનાબેન ડી. પટેલ તથા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ પ્રા. ડૉ. સ્નેહલબેન કે. ગાંવિત દ્વારા ઝેડ પ્લાન્ટ અર્પણ કરી કૉલેજ પરિવાર વતી ઉષ્માભર્યો સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત S.Y.B.Com.ની વિદ્યાર્થીની કુમારી ગાયકવાડ પલ્લવી દ્વારા પ્રાર્થના રજૂ કરીને કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે ચારિત્ર્ય, જવાબદારી, નૈતિક મૂલ્યો અને રાષ્ટપ્રેમની ભાવના વિકસાવવાનો હતો.

મુખ્ય વક્તા અવધિબેન શાહે પોતાના પ્રેરણાદાયી અને વિચારપ્રેરક વક્તવ્યમાં જણાવ્યું કે યુવાનોનું માનસિક સ્વાસ્થ્ય, ચારિત્ર્ય વિકાસ અને દેશપ્રેમ એ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના પાયાના સ્તંભો છે.

કાર્યક્રમમાં IQAC કૉ-ઓર્ડિનેટર એસો. પ્રો. અજીતભાઈ આર. પટેલ, ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ એસો. પ્રો. બી. ડી. ગામીત, સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ પ્રા. ડૉ. કલ્પનાબેન ડી. પટેલ, NTF સેલના અધ્યક્ષ પ્રા. મનોજભાઈ બાગુલ, અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ પ્રા. ડૉ. સ્નેહલબેન કે. ગાંવિત, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. વૈશાલીબેન જે. પટેલ, પ્રા. મહેશભાઈ વી. ગામીત, SSIPના કૉ-ઓર્ડિનેટર પ્રા. ડૉ. ગૌતમભાઈ આર. ગાયકવાડ, અંગ્રેજી વિભાગનાં પ્રા. નિલધરાબેન જે. ગુજરાત, હિન્દી વિભાગનાં અધ્યક્ષ પ્રા. દીપેશભાઈ કામડી, પ્રા. ડૉ. વિષ્ણુભાઈ એલ. હાડલ, પ્રા. ડૉ. કિરણભાઈ, પ્રા. ગોપાલરામ પ્રજાપત તથા પ્રા. ડૉ. ચારૂલતાબેન સી. ચૌહાણ સહિત અધ્યાપકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષ તથા સપ્તધારાના કૉ-ઓર્ડિનેટર પ્રા. ડૉ. નિમુબેન એસ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી, જ્ઞાનવર્ધક અને મૂલ્યલક્ષી બની રહ્યો હતો.

## ખેરગામ પો. સ્ટે.ના એએસઆઇ સુમન આહીરને વિદાયમાન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૫ :** ચીખલી તાલુકાના દોણજા - આહીરવાસના સુમનભાઈ સુખાભાઈ આહીર સને ૧૯૯૬માં ૧૦મું પાસ કરી પોલીસ ખાતામાં દાખલ થયા હતાં.

૩૦ વર્ષની નિષ્કલંકી પ્રામાણિક ફરજમાં એક પણ દિવસ ગેરહાજર રહ્યા વગર વલસાડ નવસારી જિલ્લામાં શિસ્તબધ્ધ ફરજ બજાવી હતી. કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાના કમાન્ડો તરીકે પણ દીર્ઘ ફરજ બજાવી હતી.

નોકરીના છેલ્લા દિવસ સુધી પૂરી નિષ્ઠા, ઈમાનદારી અને ખંતથી ફરજ બજાવીને તેમણે -ખાખી-નું ગૌરવ વધારી યુવા પેઢી માટે એક અદ્ભુત મિસાલ કાયમ કરી છે.

દેશ અને સમાજની રક્ષા કાજે ખાખી ધારણ કરનાર સુમનભાઈ એ કમાન્ડોથી લઈને ડ્રાઈવર સુધીની દરેક ક્ષેત્રની ફરજ હસતા મુખે અને નીડરતાથી નિભાવી છે. અંતિમ ચાર વર્ષથી ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી, સુમનભાઈનું આગામી નિવૃત્ત જીવન એકદમ ઉત્તમ સ્વાસ્થ્યપ્રદ, સુખમય અને શાંતિપૂર્ણ નીવડે તેવી શુભેચ્છાઓ નાયબ પોલીસ અધિક્ષક ચીખલી , પોઈ. પિનલ ચૌધરી, જયદીપ ચાવડા, પીએસઆઈ હેમંત પટેલ, ગુણવંત વાનખેડે, ભરતભાઈ, હિતેશભાઈ, કમલેશ વિ. પોલીસ કર્મીઓએ પાઠવી હતી. શુભેચ્છા પાઠવનારા તમામનો સુમનભાઈએ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## સુડોકુ નં.૬૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

## ધનોરીમાં મેડિકલ કેમ્પ અને સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૫ :** રોટરી ક્લબ ગણદેવીના સ્થાપક પ્રમુખ સ્વ. અમરતલાલ વશનજી નાયક (ધનોરી)ની જન્મતિથિ નિમિત્તે અમૃતમ હોસ્પિટલ ખાતે બુધવારે વિવિધ સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યોજાયેલા ભવ્ય મેડિકલ કેમ્પમાં કુલ ૧૦૩ દર્દીઓએ નિષ્ણાત તબીબો ડૉ. વિહાર ધોરાજીયા, ડૉ. વિજય પટેલ, ડૉ. ચૈતાલી માસ્ટર અને ડૉ. ધર્મેશ પટેલની સેવાઓનો લાભ લીધો હતો, જ્યારે આંખના વિભાગમાં ૬૭ દર્દીઓની તપાસ કરી ૧૮ દર્દીઓમાં મોતિયાનું નિદાન કરાયું હતું અને ૨૦ દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૩૫ યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું, જેના સફળ આયોજન માટે ઈવેન્ટ ચેરમેન રાકેશ નાયક , રાકેશ નાયક તથા અમિત નાયક એ વિશેષ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત અજરાઈ, ધનોરી, દેવસર અને અંભેટા આશ્રમશાળાના અંદાજે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે બીલીમોરાના રામીબેન આમલીયન હોલમાં મેજિક અને પપેટ શો સાથે યોજાયો હતો.સમગ્ર દિવસ દરમિયાન વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ થકી સ્વ. અમરતલાલ નાયકને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## ખેરગામમાં ઓઈલ પામની વૈજ્ઞાનિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૫ :** નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ્સ એન્ડ ઓઈલપામ (NMEO-OP) યોજના અંતર્ગત ખેરગામ તાલુકાના આછવણી ખાતે આધુનિક ઓઈલપામ ખેતી વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.



તાલીમ દરમિયાન નાયબ બાગાયત નિયામક દ્વારા ઓઈલ પામ પાકનું મહત્વ, યોગ્ય જમીન અને હવામાનની પસંદગી, ગુણવત્તાયુક્ત રોપાઓનું વાવેતર, ખાતર અને સિંચાઈ વ્યવસ્થાપન, જીવાત-રોગ નિયંત્રણ, પાકની જાળવણી તેમજ ઉત્પાદન, સમયસર કાપણીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને માર્કેટિંગ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષથી બે હેક્ટર જમીનમાં ઓઈલપામ ની ખેતી કરતા અને ગત વર્ષે રૂા. ૬ લાખથી વધુની આવક લેનાર ખેડૂત અનિલભાઈ પરમારે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે સાથે ખેડૂતોને બાગાયત વિભાગમાંથી બોરવેલ અને ટ્રેક્ટર જેવા ઘટકોમાં પણ સહાય માટે મદદરૂપ થયા હતાં. ઓઈલપામ વિશે નવા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવા સાથે મદદરૂપ થયા હતાં. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતોનો વધુમાં વધુ ખેડૂતો ઓઈલ પામની વૈજ્ઞાનિક ખેતી અપનાવી પોતાની આવકમાં વધારો કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાગાયત વિભાગના અધિકારીઓ તથા ખેરગામ તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વલસાડ જિલ્લામાં ૪૨ બંધ માર્ગો ફરી વાહનવ્યવહાર માટે પુર્વરત કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ જિલ્લામાં વરસેલા અતિ ભારે વરસાદના કારણે અનેક કોઝવે ઉપરથી પાણી વહેવા, કાટમાળ જમા થવા તેમજ કેટલાક સ્થળોએ માર્ગને નુકસાન પહોંચતા કુલ ૪૨ માર્ગો પર વાહનવ્યવહાર કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી ભાવેશ પટેલના જણાવ્યા અનુસાર, વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, ઈજનેરો અને ફિલ્ડ સ્ટાફ સ્થળ પર પહોંચી JCB અને અન્ય મશીનરીની મદદથી કોઝવે તથા માર્ગો ઉપરથી કાટમાળ, ઝાડ-ઝાંખરા અને અન્ય અવરોધો દૂર કરી, તાત્કાલિક મરામત અને સુરક્ષાત્મક કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરી દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કામચલાઉ બંધ કરાયેલા માર્ગોમાં પારડી તાલુકાના ૧૮ માર્ગો, વલસાડ તાલુકાના ૨૧ માર્ગો, ધરમપુર તાલુકાના ૨ માર્ગો તથા ઉમરગામ તાલુકાનો ૧ માર્ગ મળી કુલ ૪૨ માર્ગો જે તા.૪/૭/૨૦૨૬ ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યા બાદ વાહન વ્યવહાર માટે પુર્વરત કરવામાં આવતા વાહન ચાલકોને રાહત થઈ છે.

## વલસાડના દરિયાકાંઠે મરીન પોલીસનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૫ :** આતંકવાદી ઘટના બાદનો હાઈ એલર્ટ સમયગાળો જેટલો મહત્વનો હોય છે, એટલો જ નહીં પરંતુ પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ પણ સતત સતર્કતા જાળવવી રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત જરૂરી ગણાય છે.

આ અભિગમને ધ્યાનમાં રાખી ગુજરાત મરીન પોલીસ દ્વારા દરિયાકાંઠે સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું. ગુજરાત રાજયની દરિયાઈ સુરક્ષાની મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, નાયબ પોલીસ મહાનિરીક્ષક (દરિયાઈ સુરક્ષા) એ. એમ. મુનિયા તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષક હજીરા (સુરત) એસ. જે. પરમારના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટરના લીડર નાયબ પોલીસ અધિક્ષક એ. એમ. કુગસીયા, મરીન ટીમ લીડર PSI એસ. એસ. પઠાણ, PSI કે. સી. પટેલ તેમજ મરીન કમાન્ડોની ટીમ દ્વારા તા. ૦૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું.

આ પેટ્રોલિંગ દરમિયાન વલસાડ જિલ્લાના મરોલીથી દાંડી સુધીના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં અલગ-અલગ મરીન કમાન્ડોની ટીમો દ્વારા શંકાસ્પદ બોટ, શંકાસ્પદ વ્યક્તિઓ તેમજ અવાવરુ સ્થળોની સઘન ચકાસણી કરવામાં આવી હતી.

દરિયાઈ માર્ગે કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ, ઘૂસણખોરી અથવા સુરક્ષા માટે જોખમરૂપ હિલચાલ અટકાવવા માટે મરીન પોલીસ દ્વારા સતત સતર્કતા સાથે આવી કામગીરી આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

## વાપી મનપા દ્વારા રૂા. ૭ લાખમાં ૧ બીએચકે ફલેટ યોજના જાહેર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૫ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા તમામ શહેરીજનો જેવા કે જેમની પાસે પાકુ મકાન ન હોય તેવા લોકોને માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ માત્ર રૂપિયા ૭ લાખમાં વન બીએચકે ફલેટ ની યોજના બનાવાય છે જેમાં વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવનાર લાભાર્થીને કોમ્પ્યુટર સિસ્ટમ થી ડ્રો કરી ફાળવવામાં આવશે.

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા ગરીબ જરૂરિયાતમંદ લોકો જેવા કે જેમની પાસે પાકા મકાન નથી અથવા તેઓની આવક ૩૦૦૦૦૦ થી ઓછી હોય તેવા લોકોને માટે વાપી મહાનગરપાલિકા દ્વારા બલીઠા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના બે હેઠળ ના નવા બની રહેલા પ્રોજેક્ટમાં રૂપિયા ૭ લાખમાં વન બીએચકે ફલેટ અને તેનું ક્ષેત્રફળ ૩૫ ચોરસ મીટર કાર્પેટ એરીયા રહેશે આ અંગે જરૂરિયાત મંદ લોકોએ કોમ્પ્યુટર સિસ્ટમ ડ્રોથી ફાળવણી કરવામાં આવશે આ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ભાગ લેવા માટે લાભાર્થીએ વાપીના ચલા ખાતે આવેલ મહાનગરપાલિકાની ઝોન કચેરીમાં નામ ની નોંધણી કરાવવી અથવા ઓનલાઈન પાલિકાની આવાસ યોજનાની વેબસાઈટ ઉપર નામ નોંધણી કરાવવું જરૂરી છે આ યોજના ઈડબલ્યુએસ વન ટાઈપની છે. જેને લઈ વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં હવે કાચા ઘર જોવા મળશે નહીં

પરંતુ વાપી શહેર અને તેની આજુબાજુના નવા મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા ગામોમાં હાલમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે લાભાર્થીને મકાન બનાવી આપવામાં આવે છે. તેમાંના મોટાભાગના લાભાર્થીના નામે તથા તેના પરિવારના પાકા મકાનો તેમજ તેઓની પાસે લક્ઝરી કાર અને તેઓની આવક પણ વધુ હોવાની ચર્ચા લાભાર્થીની આજુબાજુના લોકોમાં થઈ રહી છે. જે અંગે તાત્કાલિક મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તેમજ બાંધકામ વિભાગના જવાબદાર અધિકારી દ્વારા સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તો જેઓને ખરેખર મકાનની જરૂર છે અને તેઓની પાસે પાકા મકાન નથી તેઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળી રહેશે.

### રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦ના ગવર્નર અને

## રોટરી ક્લબ ઓફ વાપી રિવરસાઇડના પ્રમુખનો પદગ્રહણ સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦ ના વર્ષ ૨૦૨૬-૨૭ માટે ના ગવર્નર પદે રોટરી ક્લબ ઓફ વાપી રિવરસાઈડના ભૂતપૂર્વ પ્રમુખ નિલેશ આર. શાહનો પદગ્રહણ સમારોહ તા. ૧જુલાઈ ના રોજ વાપી સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી ખાતે સંપન્ન થયો. આ પદગ્રહણ સમારોહના મુખ્ય અતિથી તરીકે ભૂતપૂર્વ રોટરી ઈન્ટરનેશનલ પ્રમુખ કલ્યાણ બેનર્જી ઉપસ્થિત હતા તેમજ નિલેશ આર. શાહ ને ડીસ્ટ્રીક્ટ ગવર્નર પદ ની શપથ ભૂતપૂર્વ રોટરી ઈન્ટરનેશનલ ડિરેક્ટર અને ટ્રસ્ટી ચેર ભરત પંડ્યા (મુંબઈ) એ લેવડાવી હતી.

આ જ સમારોહ માં રોટરી ક્લબ ઓફ વાપી રિવરસાઈડ ના ૨૩માં પ્રમુખ તરીકે અર્પણ વી. ટાચક અને તેમના મંત્રીમંડળ ને ભૂતપૂર્વ રોટરી ઈન્ટરનેશનલ ના ભૂતપૂર્વ ડિરેક્ટર રાજુ સુબ્રમણ્યન (મુંબઈ)એ શપથ લેવડાવી હતી.

આ કાર્યક્રમમાં રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦ ના ભૂતપૂર્વ ગવર્નર, ડૉ.નિલાક્ષ મુફતી (વલસાડ), ડૉ. સુરેન્દ્ર પરમાર (સરીગામ), આશિષ રોય (વાપી), દેવાંગ ઠાકોર (ભરૂચ), આશિષ અજમેરા (ધુલીયા), રૂચિર જાની (વાપી), પ્રશાંત જાની (સુરેન્દ્રનગર), નિહિર દવે (આણંદ), પિંકી પટેલ (વડોદરા), તુષાર શાહ (સુરત) અને તત્કાલીન ભૂતપૂર્વ ગવર્નર અમરદીપ બુનેત (ભરૂચ) ઉપરાંત ગવર્નર ઈલેક્ટ આશિષ પટવારી (ધુલીયા) અને ગવર્નર નોમીની વિપુલ પટેલ (વાપી) સહિત મોટી સંખ્યા માં ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦ ની વિવિધ રોટરી ક્લબ ના પદાધિકારીઓ એ હાજરી આપી હતી.

આ સિવાય વાપી મહાનગરપાલિકા, વી.આઈ.એ., એસ.આઈ.એ. અને વાપીના અગ્રણી ઉદ્યોગપતિઓ અને અન્ય સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

## થ્રીડી ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે મહેશ અગરિયાને આજે ૧ વર્ષ પૂર્ણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાના નેતૃત્વને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે. ૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ તેમને પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી હતી. છેલ્લા એક વર્ષ દરમિયાન સંગઠનના વિસ્તરણ, કાર્યકર્તાઓના સશક્તિકરણ અને ચૂંટણીમાં નોંધપાત્ર સફળતા મેળવવાના ક્ષેત્રે ભાજપે અનેક મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે.

મહેશભાઈ આગરિયાના નેતૃત્વ હેઠળ ભાજપે ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા ચૂંટણીમાં ઐતિહાસિક પ્રદર્શન કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો. સંગઠનને બૂથ સ્તર સુધી મજબૂત બનાવવા, કાર્યકર્તાઓ સાથે સતત સંવાદ જાળવવા તેમજ ગામેગામ અને શહેરે-શહેર સંગઠનને વધુ સક્રિય બનાવવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા. પ્રદેશભરમાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓને નવી ગતિ મળી, જેના પરિણામે ભાજપનો જનઆધાર વધુ મજબૂત બન્યો. કાર્યકર્તાઓને સાથે લઈને આગળ વધવાની કાર્યશૈલી તેમજ જનસંપર્ક અભિયાનો દ્વારા સંગઠનમાં નવી ઊર્જા અને નવી ઓળખ ઊભી થઈ.

### વાપી સોશિયલ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## વાપીમાં વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને તાડપત્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે અનેક મધ્યમવર્ગીય પરિવારોના ઝૂંપડા અને મકાનોની છતોને નુકસાન પહોંચ્યું છે, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

આ પરિસ્થિતિની જાણ થતાં વાપીના જાણીતા સમાજસેવક તથા વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કિરણ રાવલે ટ્રસ્ટના સભ્યો સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ અંદાજે ૫૩ જરૂરિયાતમંદ પરિવારોને ૧૭૦ GSMની જાડી તાડપત્રીનું નિઃશુલ્ક વિતરણ કરીને તાત્કાલિક રાહત પહોંચાડવામાં આવી હતી. ચાલુ વરસાદમાં જ કરવામાં આવેલી આ સેવા બદલ લાભાર્થી પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કિરણ રાવલે જણાવ્યું હતું કે, વરસાદી ઋતુ દરમિયાન કોઈપણ જરૂરિયાતમંદ પરિવાર મુશ્કેલીમાં હોય તો ટ્રસ્ટ દ્વારા શક્ય તમામ મદદ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કિરણ રાવલ છેલ્લા આઠ વર્ષથી વાપી ઉપરાંત વલસાડ જિલ્લા તેમજ આહવા-ડાંગના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, રાહત અને માનવસેવાના વિવિધ કાર્યો દ્વારા સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

## ચણોદના હનુમાન ટેકરાથી દારૂ સાથે એક ઝડપાયો

**વોન્ટેડ બુટલેગર પ્રફુલ શુક્કર પટેલ વાપી, વલસાડ અને સુરતના ૨૭ જેટલા દારૂ, જુગાર અને મારામારીના કેસો**

**વાપી, તા. ૦૫ :** વાપીના ચણોદ હનુમાન ટેકરા પાસેથી ૩૩૦ દારૂ બિયરની બોટલ સાથે બુટલેગર ઉગ્રસેન ત્રિભુવન જયસ્વાલને ઝડપી પાડવામાં આવ્યો જ્યારે મોસ્ટ વોન્ટેડ બુટલેગર પ્રફુલ સુકર પટેલને વોન્ટેડ જાહેર કરાયો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ આજે વલસાડ જિલ્લા એલસીબી પોલીસ વિભાગની ટીમ વાપી પંથકમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં તે દરમિયાન બાતમી મળી હતી કે ચણોદના હનુમાન ટેકરા પાસે દારૂ બિયરનો જથ્થો હોવાની જાણ થતાં જ તેઓએ બાતમીવાળા સ્થળે પહોંચી જંગલ ઝાડી અને ચાલીમાં આવેલી રૂમમાંથી ૩૩૦ દારૂ બિયરની બોટલ જેની કિંમત રૂપિયા ૬૧,૯૭૦ને કબજે લઈ બુટલેગર ઉગ્રસેન ઉર્ફે ઉગ્ર ત્રિભુવન જેસવાલને ઝડપી પાડ્યો હતો. જ્યારે મોસ્ટ વોન્ટેડ પ્રફુલ ઉર્ફે પપ્પુ સુક્કર પટેલને વોન્ટેડ જાહેર કરાયો છે. આ અંગે એલસીબી પોલીસે વાપી ઉદ્યોગ નગર પોલીસ મથકમાં ગુનો નોંધી આરોપી ઉગ્રસેન જેસવાલ અગાઉ ડુંગરા, પારડી અને સુરત પોલીસમાં દારૂના કેસમાં ઝડપાઈ ચુક્યો છે. જ્યારે વોન્ટેડ જાહેર કરાયેલ આરોપી પ્રફુલ શુક્કર પટેલની સામે વાપી ટાઉન વાપી ઉદ્યોગ નગર ડુંગરા તેમજ અન્ય સ્થળે મળી કુલ ૨૭ જેટલા દારૂ જુગાર અને મારામારીના કેસો નોંધાયેલા છે.

## સાપુતારામાં પેકેજના નામે છેતરપિંડીના બે આરોપી ઝડપાયા

**સાપુતારા, તા. ૦૫ :** ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનની ટીમે પ્રવાસી સાથે પ્રવાસના બહાને લોભ-લાલચ આપી છેતરપિંડી આચરતી ગેંગના બે સાગરીતોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવ તેમજ નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પીઆઈ જે.કે. બારીયાની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન રિસોર્સની મદદથી આ કામગીરી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ 'vendorland tours & Vacations Pvt. Ltd' નામની કંપનીના સંચાલકો અને કર્મચારીઓએ ફરિયાદીને ટુર પેકેજ અપાવી અલગ-અલગ ચાર્જના નામે કોઈ સુવિધા આપ્યા વગર રૂા.૭૬,૦૦૦/-ની છેતરપિંડી કરી હતી અને ક્રેડિટ કાર્ડના વ્યાજ પેટે પણ રૂા.૧૦,૫૦૦/- પડાવી લીધા હતાં. આ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS)ની કલમ ૩૧(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધાતા સાપુતારા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. સાપુતારા પોલીસ મથકનાં પીઆઈ જે.કે. બારીયા દ્વારા આ ગુનામાં સામેલ મુખ્ય આરોપીઓ (૧) નિલેષભાઈ રામદાસભાઈ આહીરે (રહે. નાશિક, મહારાષ્ટ્ર) અને (૨) મિત સુરેશભાઈ શાહ (રહે. વિરાર, જી. પાલઘર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીઓ પૂજા શર્મા અને જયદીપ શેટ્ટી (બંને કંપનીના કોલ સેન્ટર કર્મચારી)ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## દમણમાં વેક્ટર બ્રીડિંગ ચેકર્સ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૦૫ :** રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ વિભાગ (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ) એ ૦૩.૦૭.૨૦૨૬ ના રોજ ડેન્ગ્યુ વિરોધી મહિનો કાર્યક્રમ હેઠળ મોતી દમણના કોન્ફરન્સ હોલ ખાતે દમણ જિલ્લા પંચાયત અને દમણ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોના તમામ પંચાયત વિસ્તારોમાં કાર્યરત વેક્ટર બ્રીડિંગ ચેકર્સ માટે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ) ના રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્નેકર અને સલાહકાર વિશાલ દામાલિયાએ સહભાગીઓને જરૂરી તાલીમ પૂરી પાડી. તેમણે લાર્વા, ગામ્બુસિયા માછલી અને સંકલિત વેક્ટર નિયંત્રણ માટે ઉપયોગમાં લેવાતા સાધનોનું જીવંત પ્રદર્શન પણ દર્શાવ્યું.મેલેરિયા ઈન્સ્પેક્ટર હર્ષદ ભાઈ અને ફાઈલેરિયા ઈન્સ્પેક્ટર મેહુલ વણકરે સમુદાયમાં લાર્વા સર્વે માટે દરરોજ ગુગલ ફોર્મ ભરવા વિશે માહિતી આપી.રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામના સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગણેશ વર્નેકરે સમજાવ્યું કે આ તાલીમ પછી, આ વેક્ટર બ્રીડિંગ ચેકર્સ ઘરે-ઘરે જઈને લાર્વા સર્વેક્ષણ અને નાશ કરશે, તાવના કેસોની તપાસ કરશે અને મચ્છરોને નિયંત્રિત કરવા માટે જંતુનાશકોના ઉપયોગનું સંચાલન કરશે. જે લોકો સમુદાય માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ જશે તેમને દંડ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ડાભેલ ઔદ્યોગિક વિસ્તારના રસ્તાઓથી વાહનચાલકો અને કામદારો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૦૫ :** સંઘ પ્રદેશ દમણના મુખ્ય ડાભેલ ઔદ્યોગિક વિસ્તારના અનેક રસ્તાઓ હાલ અત્યંત બિસ્માર હાલતમાં પહોંચી ગયા છે. સતત વરસાદના કારણે રસ્તાઓ પર મોટા ખાડા પડી જતાં રોજિંદા હજારો વાહનચાલકો, ઉદ્યોગોમાં આવતા-જતા કામદારો તેમજ માલવાહક વાહનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક સ્થળોએ વરસાદી પાણી ભરાઈ જતાં ખાડાઓ દેખાતા નથી, જેના કારણે અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે. ડાભેલ ગામનો અને દમણનો આ ઉદ્યોગ વિસ્તાર હોવાને કારણે દરરોજ મોટી સંખ્યામાં ભારે વાહનોની અવરજવર રહે છે, પરંતુ રસ્તાઓના સમારકામ અંગે કોઈ અસરકારક કાર્યવાહી થતી જોવા મળતી નથી. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો અને પ્રદેશનું વહીવટી તંત્ર આ ગંભીર સમસ્યા પ્રત્યે પૂરતું ધ્યાન આપી રહ્યું નથી. પરિણામે ઉદ્યોગો, કામદારો અને વાહનચાલકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ઉદ્યોગપતિ કામદારો અને સ્થાનિકોએ તાત્કાલિક ખરાબ થયેલા રસ્તાઓનું સમારકામ, વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા અને અકસ્માતો અટકાવવા માટે જરૂરી પગલાં ભરવાની માંગ ઉઠાવી છે, જેથી ઔદ્યોગિક વિસ્તારમાં માલવાહક વાહનોની ફરીથી અવરજવર સરળ અને સુરક્ષિત બની શકે.

જોકે આ તમામ પરિસ્થિતિ રાજકીય અને કેટલાક વિસ્તારમાં રસ્તો બનતો હોય ત્યારે હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાતું હોય છે. જેના કારણે ઉપરોક્ત પરિસ્થિતિ ઊભી થતી રહે છે.

## સેલવાસમાં બરોડા આરએસઈટીઆઈ દ્વારા મહિલા સિલાઈ તાલીમ બેચનો પ્રારંભ



**સેલવાસ, તા.૦૫ :** બેંક ઑફ બરોડા સંચાલિત બરોડા ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે બુધવારે વુમન્સ ટેલર તાલીમ બેચનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો. તાલીમનો મુખ્ય હેતુ સ્થાનિક અને ગ્રામ્ય મહિલાઓને સિલાઈ ક્ષેત્રે વ્યવસાયિક કૌશલ્ય આપીને તેમને સ્વરોજગાર માટે સક્ષમ બનાવવાનો છે.આ તાલીમ દરમિયાન મહિલાઓને વિવિધ પ્રકારના મહિલા વસ્ત્રોની સિલાઈ તેમજ સંબંધિત વ્યવહારુ કૌશલ્યનું માર્ગદર્શન આપવામાં આવશે, જેથી તેઓ ભવિષ્યમાં પોતાનો વ્યવસાય શરૂ કરીને આર્થિક રીતે આત્મનિર્ભર બની શકે. આ પ્રસંગે વુમન્સ ટેલરના ડીએસટી ઉષા મેડમ, બેંક ઑફ બરોડા સેલવાસાના એલડીએમ સુનીલ માલી, રીજનલ ઑફિસ વલસાડના પીએસ ઈન્ચાર્જ સચિન લોઢે તેમજ આરએસઈટીઆઈના નિયામક વિશાલ કંદી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ તાલીમાર્થી મહિલાઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે આવા કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ગ્રામ્ય મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં અને તેમને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. આરએસઈટીઆઈના નિયામક વિશાલ કંદીએ જણાવ્યું કે, આ તાલીમ માત્ર કૌશલ્ય મેળવવાનો અવસર નથી, પરંતુ આત્મવિશ્વાસ વધારી સ્વરોજગાર તરફ આગળ વધવાનો મજબૂત આધાર પણ છે. કાર્યક્રમના અંતે તમામ મહેમાનોએ તાલીમાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી અને તાલીમનો સંપૂર્ણ લાભ લેવા અનુરોધ કર્યો.

## ડુમલાવમાં આઈએએસનું પ્રમોશન મેળવનાર વિજય પટેલનું સન્માન કરાયું



**પારડી, તા.૦૫ :** પારડી તાલુકાના ડુમલાવ ગામમાં આવેલ મંદિર ફળિયાના તડકેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં આજરોજ ડુમલાવગામના આઈએએસ ઓફિસર બનેલા વિજયભાઈ પટેલનો સન્માન અને તડકેશ્વર બ્યુટીફિકેશન ગાર્ડનનું લોકાર્પણ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. અહીં તડકેશ્વર મહાદેવ મંદિરમાં વહેલી સવારના કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે ડુમલાવ ગામના સરપંચ પ્રકાશભાઈ પટેલ સાથે પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ, માજી પ્રમુખ મહેશભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત સદસ્ય અદિતિબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ, જિલ્લા ભાજપ મંત્રી મુકેશભાઈ પટેલ સાથે માજી તાલુકા પંચાયત પ્રમુખ તારાબેન પટેલ, ગીતાબેન પટેલ વગેરે મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં તડકેશ્વર ગાર્ડન તળાવમાં બનાવવામાં આવ્યો હોય એ બ્યુટીફિકેશન ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ખાસ બાબત તો આ છે કે પારડી તાલુકામાં પહેલી વખત ડુમલાવ તળાવમાં રહેવાથી દેવ મહાદેવની વિશાળ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે અને સુંદર ફુવારો બનાવવામાં આવ્યો છે જે હવે પર્યટન ક્ષેત્ર બની રહેશે. આ વિકાસના લોકાર્પણ સાથે ગામના વતની અને રાજ્યના જિલ્લાના ગૌરવ સમાન આઈએએસનું પ્રમોશન મેળવનાર વિજય પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.


**દમણગંગા ટાઈમ્સ**

**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**

**વેબસાઈટની મુલાકાત લો**

**www.damangatimes.com**

# શ્રદ્ધા સામે સત્તાની લડાઈ થઈ રહી છે




**વિશ્લેષણ**
કુન્દન વ્યાસ

**અ**યોધ્યાનાં શ્રીરામ મંદિરમાંથી દેવદ્રવ્યની જે લૂંટ થઈ છે, તેનો કેસ અને રાજકીય વિવાદ ચાલ્યા કરશે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માત્ર છ - સાત મહિના દૂર છે, તેથી ચૂંટણી નજીક આવતી જશે એમ વિવાદ વધતો જશે, કારણ કે સમાજવાદી પક્ષ અને કોંગ્રેસને સરળતાથી લૂંટનો મુદ્દો મળી ગયો છે ! રામમંદિર નિર્માણની માંગ અને વિવાદ ઘણાં વર્ષો સુધી ચાલ્યાં અને આખરે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી મંદિરનાં નિર્માણ માટે ટ્રસ્ટની સ્થાપના થઈ. દેશ - વિદેશથી ફંડફાળા આવ્યા. આશરે રૂા. ૩૫૦ કરોડ મળ્યા હોવાનો અંદાજ છે, પણ રામનાં નામે ભારતીય જનતા પાર્ટીને સત્તા મળી તેવો બળાપો વિરોધ પક્ષોનો છે. હકીકતમાં રામમંદિર નિર્માણ હિન્દુઓ માટે શ્રદ્ધાનો મુદ્દો - વિષય હતો અને વચનપૂર્તિ પછી ભાજપને રાજકીય લાભ મળ્યો તે હકીકત છે. હવે વિરોધ પક્ષો રામનામની લૂંટનો મુદ્દો ચગાવીને સત્તા મેળવવા માગે છે ! શ્રદ્ધા સામે સત્તાની આ લડાઈ 'મહાભારત' હવે શરૂ કરવાની તૈયારી થઈ રહી છે. અલબત્ત, શ્રદ્ધાની શક્તિ અપરંપાર હોય છે, છતાં લોકોની શ્રદ્ધા ડગી જાય નહીં તેની ચિંતા ભાજપને છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહક (જનરલ સેક્રેટરી) દત્તાત્રય હોસબોલે દાનપેટીની ચોરીના અપરાધીઓને સખતમાં સખત સજા થાય તેવી માગણી કરી છે અને આ કમનસીબ ઘટનાનો રાજકીય લાભ ઉઠાવવા અમે હિન્દુ ધર્મ તથા સમાજને બદનામ કરવાનું કાવતરું હિન્દુવિરોધી અને રાષ્ટ્રવિરોધી પરિબળોએ કર્યું છે તેને નિષ્ફળ કરવા માટે હિન્દુ સમાજને ધીરજ રાખવા અને નિયંત્રણમાં રાખવાનો અનુરોધ કર્યો છે. ઉત્તપ્રદેશ વિધાનસભાની ચૂંટણી ગાજી રહી છે, ત્યારે સંઘે મુખ્યપ્રધાન યોગીએ તાત્કાલિક વિશેષ તપાસ સમિતિ નીમવાનો નિર્ણય લીધો તેને સમર્થન આપ્યું છે. મૂળ આવશ્યકતા હિન્દુ સમાજે ધીરજ રાખીને તપાસના અહેવાલની તથા કાનૂની પ્રક્રિયાની રાહ જોવી જોઈએ અને અતિશયોક્તિ તથા કુપ્રચારનો પ્રતિકાર કરવો જોઈએ, જેથી આપણી શ્રદ્ધા ડગી જાય નહીં. કોંગ્રેસના પ્રવક્તા અને જનરલ સેક્રેટરી જયરામ રમેશે તો આરએસએસ પર ટીકાપ્રહાર કર્યા છે કે તેઓ મોટા અપરાધીને છાવરવા - બચાવવા માગે છે ! હકીકતમાં તપાસ અહેવાલ આવ્યા પછી કોઈને પણ બચાવવાનો પ્રશ્ન નહીં હોય. ચંપતરાય અને અનિલ મિશ્રા પકડાયા પછી કયાં મોટાં માથાંની શંકા છે ? ચોરી - લૂંટની માહિતી સૌપ્રથમ સમાજવાદી પાર્ટીના વિધાયકે આપી હતી - તે 'મૂળ'ની તપાસ થશે અને પ્રકાશમાં આવશે એવી આશા રાખીએ.

***

લૂંટના અહેવાલ આવ્યા પછી રામનાં નામે નવું રાજકારણ શરૂ થયું છે. લોકોની શ્રદ્ધા ઉપર હુમલો થયો છે. આસ્થા ઉપર આક્રમણ થયું છે એવી દલીલ હવે ગઈકાલના 'સેક્યુલરવાદી' નેતાઓ કરી રહ્યા છે ! કોંગ્રેસનું નવ સભ્યનું પ્રતિનિધિમંડળ અયોધ્યાની યાત્રાએ - શ્રીરામનાં દર્શન અને લૂંટ બદલ ક્ષમાયાચના કરવા ગયું ! કોંગ્રેસના જનરલ સેક્રેટરી વેણુ ગોપાલે વડાપ્રધાન મોદીને પત્ર લખીને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થવી જોઈએ એવી માગણી કરી છે. અરવિંદ કેજરીવાલ કહે છે મોટા ચોર મગરમચ્છને બચાવવાના પ્રયાસ થાય છે. પણ એક બાબત નોંધપાત્ર છે. મંદિરમાં પૈસાની ચોરી થાય છે એવી 'જાહેરાત' સમાજવાદી પક્ષના વિધાનસભ્ય પવન પાંડેએ કરી હતી અને તે પછી અખિલેશ યાદવે આ મુદ્દો પકડી લીધો ! સમાજવાદી નેતાને માહિતી કેવી રીતે મળી ? તેની તપાસ થઈ હોય તો જાહેર કરવી જોઈએ. હવે આગામી વર્ષના આરંભમાં જ ચૂંટણી છે, તેથી ત્યાં સુધીમાં તપાસના અહેવાલ આવે, કાનૂની કાર્યવાહી થાય અને સજા થાય તો પણ રાજકીય વિવાદ ચાલુ રહેશે. રામનામ લઈને સેક્યુલરવાદીઓ મેદાનમાં ઊતરશે. રાહુલ ગાંધી અને અખિલેશ હવે જય શ્રીરામ પોકારે તો નવાઈ નહીં ! કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી પણ એકતા બતાવીને ભાજપને પડકારવા માગે છે - યોગી ઉપર નજર છે, પણ નિશાના ઉપર મોદી છે પ્રહાર આરએસએસ, હિન્દુત્વ ઉપર છે. અત્યારે યોગી જવાબ આપી રહ્યા છે અને લોકોને શ્રદ્ધા છે કે યોગી બોલ્યું પાળે છે, તેથી અપરાધીઓને સજા જરૂર થશે. પ્રશ્ન એ છે કે આસ્થાને લાગેલી કાળી ટીલી ભૂલાશે ? ભૂંસાશે ? પ્રભુ રામનાં ચરણે ધરાયેલી ભેટ - સોગાદની સાચવણી - નહીં કરવાનો આરોપ છે. વિરોધીઓને લૂંટની રકમ પાછી મળવાની અને ગુનેગારોને સજા કરવાની ચિંતા નથી - યોગી-મોદી 'લિાગઁમાં આવ્યા છે એમને હરાવવાની ચિંતા છે ! અને તેઓ માને છે કે એમના હાથમાં 'રામબાણ' આવી ગયું છે ! હવે રામનામ અને 'રામબાણ'નો સંગ્રામ છે ! ઉદ્ધવ શિવસેના પણ હવે રામનામ જપી રહી છે. હિન્દુત્વનો વિરોધ કર્યા પછી મૂળ સેનામાં ભંગાણ પડયું. રાજ-પાટ ગયા પછી હવે રામ-રક્ષા અભિયાન કે આંદોલન શરૂ થાય છે ! રક્ષાની જરૂર કોને છે - રામને ?

***

વિરોધપક્ષના નેતાઓ વેરની વસૂલાત માટે કેટલી હદે જાય - જઈ શકે છે તે જોવાનું છે. આ - કેજરીવાલ કહે છે - ગુનેગારને ફાંસીના માંચડે લટકાવો - આપણા દેશમાં કાનૂન-વ્યવસ્થા છે - ન્યાયની પ્રક્રિયા છે, પણ કેજરીવાલ અરાજકતામાં માને છે ! અપરાધીઓને સજા થાય. થવી જ જોઈએ, પણ કાયદા - ન્યાય મુજબ - થઈ શકે. આ?ર્યની વાત એ છે કે અયોધ્યા - ફૈઝાબાદના વકીલોએ ઠરાવ પસાર કરીને ચંપતરાયને 'ફરમાન' કર્યું છે. અયોધ્યા છોડી જાવ. લૂંટના અપરાધીઓના બચાવમાં વકીલાત કરનારા કોઈપણ વકીલનો બહિષ્કાર કરવાની ધમકી આપવામાં આવી છે. સિનિયર વકીલોને જ્ઞાન-ખબર હોવી જોઈએ કે ભારતનાં સંવિધાન હેઠળ કોઈપણ અપરાધીને પોતાના બચાવમાં વકીલ રોકવાનો અધિકાર છે. જો એને વકીલ મળે નહીં તો સરકાર - અદાલતે બચાવ માટે વકીલ આપવો જોઈએ. હજુ પાંચ વર્ષ પહેલાં જ - ૨૦૨૦માં સુ-ીમ કોર્ટે આ બાબતમાં સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. મોહમ્મદ રફી વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ - કેસમાં કહ્યું છે કે બાર કાઉન્સિલનો આવો ઠરાવ - સંપૂર્ણ રીતે ગેરકાયદે છે. પ્રણાલી તથા વ્યવસાયી નીતિમત્તા વિરોધી છે. કોઈમ્બતુરમાં બાર કાઉન્સિલે ઠરાવ કર્યો હતો કે પોલીસકર્મીએ કરેલા અપરાધનો બચાવ કોઈપણ વકીલ કરશે નહીં. સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેન્ચના જસ્ટિસ માર્કન્ડેય કાત્જુ અને ગ્યાન સુધા મિશ્રાએ સંવિધાનની કલમ ૨૨ (૧) ટાંકીને ચુકાદો આપ્યો કે ધરપકડ થયા પછી પણ પોતાની પસંદગીના વકીલને રોકવાનો તેને અબાધિત અધિકાર છે. ફૈઝાબાદની બાર કાઉન્સિલે પોતાનો ઠરાવ પાછો ખેંચવો જોઈએ. માત્ર સંજોગો અનુસાર પ્રસિદ્ધિ મેળવવાનો હેતુ હોવાનું સ્પષ્ટ છે. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ - વહીવટનાં સંચાલન માટે એક 'સીઈઓ'ની નિમણૂક કરવાની ભલામણ કરી છે. એમણે કહ્યું હતું કે ચંપતરાયની નિયત-નિષ્ઠા ખરાબ નથી, પણ વહીવટ યોગ્ય થયો નથી. - સમગ્ર ટ્રસ્ટ બરખાસ્ત કરવાની માગણીમાં કેટલાક સંત પણ જોડાયા છે. વિશેષ કરીને એક શંકરાચાર્ય ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માગણી કરીને યાત્રા કરી રહ્યા છે. તેઓ યોગીના વિરોધમાં હોવાનું કહેવાય છે. મોદી સરકારે નવેસરથી ટ્રસ્ટની રચના કરવી જોઈએ એવી માગણી કરનારા જાણતા જ નથી કે આ ટ્રસ્ટ સ્વતંત્ર સંસ્થા છે અને રાજ્ય અથવા કેન્દ્ર સરકાર હેઠળ નથી. નીરજ શર્મા નામના એક કાર્યકર્તાએ ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં દિલ્હી હાઈકોર્ટને અરજી કરી હતી કે આ ટ્રસ્ટના માહિતી અધિકારીઓની વિગત આપો. હાઈકોર્ટે સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનને પૃચ્છા કરી ત્યારે કમિશને ભારત સરકારનાં ગૃહખાતાં પાસેથી મળેલો અહેવાલ સુપ્રત કર્યો કે અયોધ્યાનાં રામમંદિર ટ્રસ્ટની સંપૂર્ણ સત્તા તેના કાયમી ટ્રસ્ટીઓની છે. આંતરિક વહીવટના નિર્ણય લેવા માટે તેઓ સ્વાયત્ત છે. નવેમ્બર - ૨૦૧૯માં આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી સ્થપાયેલું ટ્રસ્ટ સ્વાયત્ત છે અને સરકાર પાસેથી કોઈ નાણાકીય વ્યવસ્થા નથી. વહીવટી કંટ્રોલ નથી. આમ, કોઈ ટ્રસ્ટીને કાઢવાની સત્તા નથી. ચંપતરાયે જનરલ સેક્રેટરી પદનું રાજીનામું આપ્યું છે, પણ ટ્રસ્ટીપદે રહી શકે છે. એક વિકલ્પ રાજીનામું આપવાનો જ છે.

***

આ દરમિયાન - ભાજપ અને મોદી-યોગી 'ભીંસ'માં છે એમ જાણીને, માનીને વિપક્ષી મોરચાએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતને પત્ર લખીને ચૂંટણીપંચ સામે ફરિયાદ કરી છે. ચૂંટણીમાં ગેરરીતિ અને ભેદભાવ-પક્ષપાત રખાય છે અને સરકારી તપાસ એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે - લોકતંત્ર ભયમાં છે. બચાવો એવી પત્ર ઉપર ત્રેવીસ જેટલા નાના-મોટા વિપક્ષોના નેતાઓએ સહી કરી છે. મતદારયાદીઓની ચકાસણી થાય છે તેનો વિરોધ કર્યો છે, પણ આ વિષયમાં અગાઉ સુ-ીમ કોર્ટનો અભિ-ાય - ચુકાદો આવી જ ગયો છે. ગયા મહિને ઈન્ડિ મોરચાની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આ પત્ર લખાયો હતો અને હવે - દેવદ્રવ્યની લૂંટના અહેવાલ આવ્યા પછી પત્રકારોને આપવામાં આવ્યો છે. બીજી બાજુ, વિપક્ષી નેતાઓએ સેક્યુલરવાદમાં એક પગ રાખવા માટે વડાપ્રધાન મોદી અને પાકિસ્તાની વડાપ્રધાનને પત્ર લખીને શાંતિ જાળવવા માટે સંવાદ અને સહકાર આપવાનો અનુરોધ કર્યો છે. પાકિસ્તાન આતંકવાદ બંધ કરે તો અને ત્યારે જ સંવાદ-સહકાર થઈ શકે એવી ભારતની નીતિ છે, ત્યારે વિપક્ષોને રાષ્ટ્રહિત કરતાં રાજકીય હિતની વધુ ચિંતા છે ?

# ધ બર્નઆઉટ પેરાડોક્સ: સફળતાની આંધળી દોટમાં હોમાતું પુરુષનું અસ્તિત્વ

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

આધુનિક સભ્યતાએ પુરુષને એક અદભુત ભ્રમમાં જીવતા શીખવી દીધું છે 'તમે જેટલા વધુ વ્યસ્ત છો, એટલા જ વધુ સફળ છો.' સવારના સાત વાગ્યાથી શરૂ થતો અને મોડી રાત સુધી લેપટોપની બ્લુ સ્ક્રીન સામે પૂરો થતો દિવસ આજે પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગયો છે. ઓફિસના અતિશય કામના કલાકો, વીકએન્ડમાં પણ સતત રણકતા ઓફિશિયલ મેસેજ અને રજાના દિવસે પણ ક્લાયન્ટના ઈમેલનો ત્વરિત જવાબ આપવો એ જાણે આજના પુરુષ માટે મેડલ ઓફ ઓનરૈં છે. પરંતુ, આ અવિરત દોડની પાછળ એક ભયાનક સત્ય છુપાયેલું છે, જેને મનોવિજ્ઞાનની ભાષામાં 'બર્નઆઉટ પેરાડોક્સ કહેવામાં આવે છે. આ એક એવો વિરોધાભાસ છે જ્યાં પુરુષ પોતાની જિંદગીને સિક્યોર અને સમૃદ્ધ બનાવવા માટે લોહી-પાણી એક કરે છે, પણ અંતે એ જ સમૃદ્ધિ ભોગવવા માટે તેનું શરીર અને મન સાબુત બચતા નથી. સફળતાની આ કિંમત શું ખરેખર ચૂકવવા જેવી છે? આ સવાલ આજે દરેક વર્કહોલિક પુરુષે ખુદને પૂછવાની જરૂર છે.

ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ જોઈએ તો, પુરુષના ખભા પર હંમેશાંથી 'પ્રોવાઈડર' એટલે કે ઘરનું ભરણપોષણ કરનાર હોવાનો એક અદૃશ્ય બોજ રહ્યો છે. બાળપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે તમારી કિંમત તમારી કમાણી અને તમારા સ્ટેટસ પરથી નક્કી થશે. આ માનસિકતા કોર્પોરેટ કલ્ચરમાં આવીને એક રાક્ષસી સ્વરૂપ ધારણ કરે છે. પરિણામે, પુરુષ પોતાની જાતને સાબિત કરવા માટે 'વર્કહોલિઝમ' એટલે કે કામના નશા તરફ વળે છે. શરૂઆતમાં આ નશો બહુ રોમાંચક લાગે છે. પ્રમોશન, હાયર સેલેરી, સોસાયટીમાં માન-પાન અને લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ આ બધું જ મહેનતનું યોગ્ય પરિણામ લાગે છે. પરંતુ, ધીમે-ધીમે આ કામ વળગણ બની જાય છે. પુરુષને એવું લાગવા માંડે છે કે જો તે થોડીવાર માટે પણ આ દોડમાંથી ઊભો રહેશે, તો તે પાછળ રહી જશે. આ 'ફિયર ઓફ મિસિંગ આઉટ' તેને સતત થાકેલો હોવા છતાં દોડવા માટે મજબૂર કરે છે.

પરંતુ આ બધાની સાથે બર્નઆઉટની પ્રક્રિયા બહુ શાંતિથી અને ચુપકેથી શરીરમાં પ્રવેશે છે. તે કોઈ એક દિવસે અચાનક નથી આવતી, પણ રોજબરોજની જિંદગીમાં નાના-નાના લક્ષણો સાથે દેખાય છે. સવારે ઉઠતી વખતે જ તીવ્ર થાક લાગવો, પથારીમાંથી ઊભા થવાનું મન ન થવું, નાની નાની વાતોમાં ચીડચીડા થઈ જવું અને જે કામ પહેલાં ગમતું હતું તેમાં સાવ રસ ઉડી જવો એ બર્નઆઉટના પ્રારંભિક સંકેતો છે. પુરુષો આ લક્ષણોને કાં તો નજરઅંદાજ કરે છે અથવા તો વધુ પડતી કોફી પીને કે એનર્જી ડ્રિંક્સના સહારે તેને દબાવવાનો પ્રયત્ન કરે છે. આપણી સામાજિક રચના એવી છે કે પુરુષ પોતાની નબળાઈ કે થાક સહેલાઈથી સ્વીકારી શકતો નથી. 'હું થાકી ગયો છું' અથવા 'મારાથી આ કામ હવે નહીં થાય' એવું કહેવું એ નબળાઈની નિશાની માનવામાં આવે છે. આથી, અંદરથી તૂટી ગયેલો પુરુષ પણ બહારથી આઈ એમ ઓકેનો મહોરો પહેરીને ફરે છે. આ ભરાઈ રહેલો ડૂમો અને સતત સ્ટ્રેસ હોર્મોન્સનું હાઈ લેવલ આખરે હાર્ટ એટેક, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર કે અલ્સર જેવી ગંભીર બીમારીઓ તરફ દોરી જાય છે. આજના સમયમાં ૩૦ થી ૪૦ વર્ષની ઉંમરના પુરુષોમાં વધતા હાર્ટ એટેકના કિસ્સાઓ આ બર્નઆઉટ પેરાડોક્સનું જ જીવતું જાગતું પરિણામ છે.

આ વિરોધાભાસની સૌથી મોટી કિંમત સંબંધોએ ચૂકવવી પડે છે. એક પુરુષ પોતાના પરિવારને સારું ભવિષ્ય આપવા માટે દિવસ-રાત એક કરે છે, પણ વિડંબના એ છે કે એ જ પરિવારને તે પોતાની હાજરી આપી શકતો નથી. ઓફિસથી મોડા ઘરે આવ્યા પછી પણ તેનું મગજ ઓફિસના પ્રોજેક્ટ્સમાં જ અટવાયેલું હોય છે. પત્ની સાથે સંવાદના નામે માત્ર ઔપચારિક વાતો થાય છે અને બાળકો માટે પપ્પા એટલે રવિવારે ઘરે આવીને આખો દિવસ ઊંઘતા રહેતું એક પાત્ર બની જાય છે. આ ભૌતિક હાજરી હોવા છતાં જે માનસિક ગેરહાજરી છે, તે સંબંધોમાં એક ન પૂરી શકાય તેવી ખાઈ ઊભી કરે છે. પુરુષ અંદરથી એવું વિચારીને પીડાય છે કે 'હું આ બધું આ લોકો માટે જ તો કરું છું, તો પણ કોઈ મને સમજતું નથી.' જ્યારે પરિવારની ફરિયાદ એ હોય છે કે 'અમારે તમારા પૈસા કરતાં તમારી વધુ જરૂર છે.' આ કમ્યુનિકેશન ગેપ પુરુષને વધુ એકલવાયો અને ચિડચિડો બનાવી દે છે.

બર્નઆઉટ પેરાડોક્સનો બીજો ભયાનક પક્ષ એ છે કે પુરુષ પોતાના જૂના મિત્રો અને શોખથી સાવ કપાઈ જાય છે. જે મિત્રો સાથે ક્યારેક કલાકો સુધી ચાની ટપરી પર બેસીને દુનિયાભરની વાતો થતી હતી, જે ક્રિકેટ રમવાનો કે સંગીત સાંભળવાનો શોખ હતો, તે બધું જ 'ટાઈમ વેસ્ટ' લાગવા માંડે છે. જિંદગી માત્ર મિકેનિકલ બની જાય છે. ઘરથી ઓફિસ અને ઓફિસથી ઘર. મનોવૈજ્ઞાનિકો કહે છે કે પુરુષો માટે 'મેલ બોન્ડિંગ' એક અદભુત સ્ટ્રેસ બસ્ટર છે. મિત્રો વચ્ચે પુરુષને કોઈ જજમેન્ટનો ડર નથી હોતો, ત્યાં તે મુક્ત હોઈ શકે છે. પરંતુ કામના ભાર હેઠળ જ્યારે આ મિત્રવર્તુળ છૂટી જાય છે, ત્યારે પુરુષ પાસે પોતાના મનની નબળાઈઓ કે ડર વ્યક્ત કરવા માટે કોઈ જગ્યા બચતી નથી. આ એકલતા તેના બર્નઆઉટને વધુ તીવ્ર બનાવે છે. આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો? સૌથી પહેલું કદમ છે સફળતાની વ્યાખ્યા બદલવી. સફળતા એટલે માત્ર બેંક બેલેન્સ કે મોટું ડેઝિગ્નેશન નથી, પણ એક હેલ્ધી બોડી, શાંત મન અને ખુશહાલ પરિવાર પણ સફળતાનો જ હિસ્સો છે. પુરુષોએ 'ના' પાડતા શીખવું પડશે. ઓફિસમાં તમારી ક્ષમતા બહારનું કામ જ્યારે તમારા પર લાદવામાં આવે, ત્યારે વ્યાવસાયિક રીતે મર્યાદા નક્કી કરવી જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો, 'વર્ક-લાઈફ બેલેન્સ' એ માત્ર વાતો કરવા માટેનો વિષય નથી, પણ તેને અમલમાં મૂકવાની કળા છે. સાંજે ઓફિસ સબમિટ કર્યા પછી લેપટોપ બંધ કરવાની અને ઓફિસના ગ્રુપને મ્યૂટ કરવાની હિંમત કેળવવી પડશે.

આ ઉપરાંત, જિંદગીમાં ફરીથી કોઈ શોખને જીવંત કરવો કે અઠવાડિયામાં એક દિવસ મિત્રો માટે અનામત રાખવો એ કોઈ લક્ઝરી નથી, પણ માનસિક સ્વાસ્થ્ય માટેની અનિવાર્યતા છે. જેને આપણે 'વિન્ઝ ડાઉન' થવું કહીએ છીએ—એટલે કે બધી જ જવાબદારીઓ બાજુ પર મૂકીને થોડી ક્ષણો માટે સાવ હળવા થઈ જવું, તે ખૂબ જરૂરી છે. મશીનને પણ લાંબો સમય ચલાવવા માટે ઓઈલિંગ અને આરામની જરૂર પડે છે, તો આ તો હાડચામનું બનેલું માનવ શરીર છે.

આખરે પુરુષોએ એ સ્વીકારવું પડશે કે તેઓ સુપરમેન નથી અને હોવાની જરૂર પણ નથી. થાક લાગવો, હારી જવું કે ક્યારેક અસહાય અનુભવવો એ મનુષ્ય હોવાની નિશાની છે, કમજોરીની નહીં. જિંદગી એક મેરેથોન છે, સ્પ્રિન્ટ નથી.

જો શરૂઆતમાં જ બધી ઉર્જા વાપરી નાખશો, તો અંત સુધી પહોંચી નહીં શકાય. આથી, દોડવાની સાથે-સાથે રોકાતા શીખો, શ્વાસ લેતા શીખો અને જિંદગીને માણતા શીખો. ક્યાંક એવું ન થાય કે જ્યારે તમે તમારી કારકિર્દીની ટોચ પર પહોંચો, ત્યારે તમારી આસપાસ સેલિબ્રેટ કરવા માટે કોઈ સંબંધ જ ન બચ્યો હોય અને એ સેલિબ્રેશન માણવા માટે તમારું પોતાનું સ્વાસ્થ્ય જ સાથ ન આપતું હોય. બર્નઆઉટના આ પેરાડોક્સને ઓળખો અને સમય રહેતા જિંદગીની લગામ પોતાના હાથમાં લો. મશીન બનવા કરતાં માણસ બનીને જીવવામાં જ સાચી સાર્થકતા છે.

# ચોમાસું અને જળબંબાકાર : શું માત્ર વરસાદ જવાબદાર?

**રસ્તાઓ પર પાણી ભરાઈ જવાનું કારણ માત્ર વધુ વરસાદ નથી. પણ મનુષ્યએ પોતાના સ્વાર્થથી પ્રેરિત થઈને કરેલી પ્રવૃત્તિઓ છે, જેમ કે, નબળી ડ્રેનેજ વ્યવસ્થા, પ્લાસ્ટિકનો અયોગ્ય ઉપયોગ, અનિયંત્રિત શહેરીકરણ, કુદરતી જળમાર્ગોનું અતિક્રમણ અને શહેર આયોજનની ખામીઓ છે. આથી જો આપણે વરસાદને દોષ આપવાને બદલે મૂળ કારણોને ઓળખી યોગ્ય આયોજન અને સંચાલન કરીએ, તો વરસાદનું વરદાન અભિશાપ બનવાને બદલે વિકાસ અને સમૃદ્ધિનું સાધન બની શકે.**



**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

मेघो वर्षति प्रवहति नीरम्।
हृष्यति कृतर्क: गच्छति गोष्ठम्।।

અર્થાત્ વરસાદ વરસે છે;જળ વહે છે. ખેડૂત આનંદિત થાય છે અને કોઢારમાં (બળદ પાસે) જાય છે. વરસાદ એ પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે. ઈશ્વરનો મનુષ્ય ઉપરનો પ્રેમ છે વર્ષા. ચોમાસાની શરૂઆત થતાં જ અસહ્ય ગરમીથી રાહત મળે છે. ચારેય તરફ ખુશીનું વાતાવરણ નિર્માણ થાય છે. વરસાદથી જળસંચય થાય છે, ખેતી સમૃદ્ધ બને છે, નદીઓ અને તળાવો ભરાય છે તથા સમગ્ર પર્યાવરણમાં નવજીવનનો સંચાર થાય છે.

વરસાદ નવજીવનનો આધાર અને ખુશીઓનો સ્રોત છે પણ ચોમાસામાં આવેલા વરસાદથી મળતી ખુશીઓ લાંબો સમય ટકતી નથી, કારણ કે થોડો વધારે વરસાદ પડતાં જ આપણાં શહેરોના રસ્તાઓ જાણે સ્વરૂપ બદલીને નદીઓ બની જાય છે. જેથી ઘરોમાં પાણી ભરાઈ જવું, વાહનો બંધ પડી જવા, ટ્રાફિક જામ થવું, જેવી અનેક સમસ્યાઓ આવે છે અને આપણે તરત જ બૂમાબૂમ કરવા લાગીએ કે બહુ વરસાદ પડ્યો, આ વર્ષે વરસાદ વધી ગયો વગેરે વગેરે.આ પરિસ્થિતિ જોતા લેખકના મનમાં પ્રશ્ન ઉભો થાય છે કે શું ખરેખર વરસાદ વધારે પડે છે? વરસાદને કારણે શહેરો અને ગામોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાની સમસ્યાનું કારણ શું માત્ર વધુ વરસાદ પડવો જ છે? વરસાદને કારણે સામાન્ય પ્રજાજનોને વેઠવી પડતી સમસ્યાઓ માટે જવાબદાર ખરેખર વરસાદ કે આપણે કે બીજું કોઈ ?

આમ તો મનુષ્ય માત્રને દોષારોપણમાં બીજા તરફ આંગળી કરવી વધારે ગમે છે. એટલે માની લઈએ કે ઓછા સમયમાં અતિશય વરસાદ પડી જાય છે. ત્યારે તે પાણીનો જથ્થાને તરત જ જમીન શોષી શકતી નથી કે વહન કરી શકતી નથી તેથી રસ્તાઓ પર પાણી ભરાઈ જાય પણ હવામાન પરિવર્તનનાં કારણે 'ક્લાઉડબર્સ્ટ' અથવા અતિભારે વરસાદની ઘટનાઓનું પ્રમાણ કેટલું? નહીંવત, એટલે કુદરતનો વાંક તો નથી.

હવે આપણું જોઈએ, ભારત હવે વિકાસશીલ દેશોમાંથી વિકસિત દેશ થવાનાં સપના જુએ છે. એટલે જ હવે આપણે ગામડાઓ ભાંગીને શહેરો ઊભા કરી રહ્યા છીએ. શહેરોમાં હડપ્પા અને મોહેંજો દડોના આપણા પ્રાચીન ટાઉન પ્લાનિંગ સિસ્ટમને અવગણીને લેવડદેવડની કે ઓળખાણની પ્લાનિંગ સિસ્ટમને આધારે વિકાસ થઈ રહ્યો છે. જ્યાં નબળી ડ્રેનેજ વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટેની જૂની, સાંકડી કે ક્ષમતાથી ઓછી ગટર વ્યવસ્થા હોય છે. આ ગટરો જ્યારે પાણીનું યોગ્ય રીતે વહન કરી ન શકે ત્યારે તે પાણી રસ્તા પર ભરાઈ જાય.

હવે આપણે વિકસિત થઈ રહ્યા છીએ એટલે બજારમાં જઈએ ત્યારે ચલણમાં ગાંધી અને વાહનમાં પ્લાસ્ટિક અનિવાર્ય છે. આપણે ઘરેથી થેલી ન લઈ જતા બજારમાંથી પ્લાસ્ટિકની થેલીનો આગ્રહ રાખીએ. આ પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો, કાગળ અને અન્ય કચરો ખુલ્લામાં ફેંકીએ એટલે તે ગટરોમાં પહોંચીને પાણીનાં પ્રવાહને અવરોધે છે. પરિણામે ગટર છલકાય છે અને રસ્તાઓ પર પાણી ભરાય છે.

હવે આપણાં ભારતનું ભણતર પણ વધ્યું. આપણે કાદવમાં રમતાં ગામડાના ખેડૂત નથી પણ સ્વચ્છ અને સુધરેલા પોપટની જેમ અંગ્રેજીમાં 'ઓહ, ઈટ્સ ડર્ટી' બોલનારા થયાં છીએ. તેથી હવે આપણને કાદવ નથી ગમતો. આપણા પગમાં કાદવ ચોંટે તો એ ગંદુ લાગે. એટલે હવે આપણે આધુનિક શહેરીકરણના નામે મોટાભાગના વિસ્તારોમાં કોંક્રિટના રસ્તાઓ, પેવર બ્લોક્સ કરી દીધાં છે. ક્યાંય ખુલ્લી જમીન નહીં. તેથી વરસાદી પાણી જમીનમાં ઉતરવાને બદલે સીધું રસ્તાઓ પર વહે છે અને પાણી ભરાવાની સ્થિતિ સર્જાય છે. મનુષ્યની સ્વાર્થ વૃત્તિનો ક્યારેય અંત છે? કુદરતે પશુ-પક્ષી, વનસ્પતિ અને અન્ય જીવજંતુઓ મનુષ્યને સહાયક તરીકે નિર્માણ કર્યા છે. પણ મનુષ્ય સહાયકોને સેવક બનાવવા મથતો રહ્યો છે. તેણે સર્વશક્તિમાન થવું છે અને તે સર્વ શક્તિમાન થવાની લાહ્યમાં કુદરતી જળમાર્ગો અને તળાવો પર અતિક્રમણ પણ કરી લીધું છે. શહેરોમાં નાળા, તળાવો અને વરસાદી પાણીનાં કુદરતી માર્ગો પર બાંધકામો કર્યા છે. આથી વરસાદ દરમિયાન પાણી કુદરતી માર્ગે જઈ શકતું નથી અને આસપાસના વિસ્તારોમાં ભરાઈ જાય છે.

મનુષ્યનો સ્વભાવ છે ઓછું આપવું અને વધારે લેવું. મોટેભાગેનાં કામોમાં મનુષ્ય પોતાના આ સ્વભાવને અનુસરે છે. રસ્તા બનાવનારા કોન્ટ્રાક્ટરો પણ આ સ્વભાવથી બાકાત નથી ને ! એટલે હલકી ગુણવત્તાના અને યોગ્ય ઢાળ વગરના રસ્તાઓ બને છે જે તરત જ તૂટી જાય છે. રસ્તા પર પડેલા ખાડાઓમાં પાણી ભરાઈ જાય છે. તો વળી, ઘણી વખત રસ્તાઓ તો ઊંચા કરવામાં આવે છે પરંતુ આસપાસની ગટર વ્યવસ્થામાં જરૂરી ફેરફાર કરવામાં આવતો નથી. તેથી પણ પાણીનો નિકાલ મુશ્કેલ બને છે.

સૌ જ્ઞાની કે અજ્ઞાનીઓને વૃક્ષોનું મહત્વ ખબર જ છે. છતાં પણ શહેરી વિસ્તારોમાં ટાઉન પ્લાનિંગમાં દેખાતી હરિયાળી હકીકતમાં હોય છે ખરી? હરિયાળી ઘટવાથી વરસાદી પાણીનો મોટો ભાગ સીધો રસ્તાઓ પર વહે જ ને ! ટૂંકમાં, એમ કહી શકાય કે રસ્તાઓ પર પાણી ભરાઈ જવાનું કારણ માત્ર વધુ વરસાદ નથી. પણ મનુષ્યએ પોતાના સ્વાર્થથી પ્રેરિત થઈને કરેલી પ્રવૃત્તિઓ છે, જેમ કે, નબળી ડ્રેનેજ વ્યવસ્થા, પ્લાસ્ટિકનો અયોગ્ય ઉપયોગ, અનિયંત્રિત શહેરીકરણ, કુદરતી જળમાર્ગોનું અતિક્રમણ અને શહેર આયોજનની ખામીઓ છે. આથી જો આપણે વરસાદને દોષ આપવાને બદલે મૂળ કારણોને ઓળખી યોગ્ય આયોજન અને સંચાલન કરીએ, તો વરસાદનું વરદાન અભિશાપ બનવાને બદલે વિકાસ અને સમૃદ્ધિનું સાધન બની શકે.

DGT
આપનું અખબાર : આપનો અવાજ

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા

## વલસાડ જિલ્લામાં ૪૫૩ દૂધ મંડળીઓ ગ્રામીણ રોજગારીનું મુખ્ય માધ્યમ બન્યું

# શ્વેતક્રાંતિમાં ધરમપુર તાલુકો જિલ્લામાં મોખરે



### વલસાડ જિલ્લામાં વસુધારા ડેરીમાં ૫૯ હજાર પશુપાલકો દૈનિક ચાર લાખ લીટર દૂધ જમા કરાવે છે : જિલ્લામાં કુલ ૩૦૧૨ વિવિધ સંસ્થાઓ લોકભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહી છે

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૦૫ :** દર વર્ષે જુલાઈ મહિનાના પ્રથમ શનિવારે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ (International Co-operative Day) તરીકે ઉજવવામાં આવે છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ દ્વારા દેશમાં સહકારી પ્રવૃત્તિને નવી ઊર્જા અને વેગ આપવા માટે આપવામાં આવેલા સહકારથી સમૃદ્ધિના મંત્રને ચરિતાર્થ કરવા વલસાડ જિલ્લો સજ્જ બન્યો છે. આ અન્વયે વલસાડ જિલ્લામાં આગામી ૨૯ જૂન થી ૦૬ જુલાઈ - ૨૦૨૬ દરમિયાન 'રાષ્ટ્રીય સહકાર સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

આ મહા-અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છેવાડાના માનવી સુધી સહકારી ક્ષેત્રની ઉમદા ભાવનાને વધુ મજબૂત કરવાનો અને જન-જન સુધી સહકારિતાનો પાવન સંદેશ પહોંચાડી આર્થિક ઉત્કૃષ્ટતા લાવવાનો છે. સહકારી પ્રવૃત્તિ એકતા, આર્થિક ક્ષમતા, સમાનતા, સર્વાંગી વિકાસ અને સામાજિક જવાબદારીનું એક શ્રેષ્ઠ મોડેલ છે. વલસાડ જિલ્લાના છેવાડાના ખેડૂતો અને ગ્રામજનોને પગભર કરવામાં, તેમના આર્થિક-સામાજિક વિકાસમાં સહકારી ક્ષેત્રનું અનેરૂ યોગદાન રહ્યું છે. વલસાડ જિલ્લામાં સહકારી ક્ષેત્ર ગ્રામીણ અને શહેરી અર્થતંત્રની કરોડરજ્જુ સાબિત થયું છે. વલસાડ જિલ્લામાં મોટી સંખ્યામાં નાગરિકોને બચત અને ધિરાણની સુવિધા આપતી ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ ઉપરાંત ખેતી મંડળીઓ, સિંચાઈ-ગ્રાહક સહકારી-ફળ શાકભાજી મંડળીઓ કાર્યરત છે. વસુધારાના મેનેજીંગ ડીરેક્ટરશ્રી વિજય કાપડીયા સહાકારીતા દિવસની ઉજવણી પ્રસંગે જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં સહકારી ક્ષેત્ર ગ્રામીણ અને શહેરી અર્થતંત્રની કરોડરજ્જુ સાબિત થયું છે. સહકારી ક્ષેત્ર વાસ્તવમાં લોકો માટે, લોકોનું અને લોકો દ્વારો ચાલતુ એક આદર્શ લોકશાહી મોડેલ છે. આ ક્ષેત્રની સૌથી મોટી તાકાત અને સુંદરતા એ છે કે, તેમાં સમાજના નાનામાં નાના અને છેવાડાના માણસને પણ સમાન અધિકાર મળે છે અને તે સંસ્થાનો એક મોટો હિસ્સેદાર બને છે.

જિલ્લાના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં વસતા નાગરિકો, ખેડૂતો અને પશુપાલકોની આર્થિક ઉન્નતિ પાછળ સહકારી મંડળીઓનો સિંહફાળો રહ્યો છે. વલસાડ જિલ્લામાં વસુધારા ડેરીમાં ૫૯ હજાર પશુપાલકો દૈનિક ચાર લાખ લીટર દૂધ જમા કરાવે છે. જિલ્લામાં દુધ ઉત્પાદનના બળે ઘણી મહિલા મંડળીઓ આત્મનિર્ભર હોવાના તાદ્દશ્ય ઉદાહરણો અહી જોવા મળી રહ્યા છે. શ્વેતક્રાંતિ અને હરિયાળી ક્રાંતિના માધ્યમથી આ મંડળીઓએ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરી જન-જનને સ્વનિર્ભર બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વલસાડ જિલ્લામાં પણ ટુંક સમયમાં ભારત ટેક્ષીની સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવનાર છે વલસાડ જિલ્લામાં તા. ૩૧ માર્ચ ૨૦૨૬ ની સ્થિતિએ કુલ ૩૦૧૨ જેટલી વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ સફળતાપૂર્વક કાર્યરત છે. સમગ્ર જિલ્લામાં કુલ ૯૧૯ હાઉસિંગ સર્વિસ મંડળીઓ નોંધાયેલી છે, જેમાંથી સૌથી વધુ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં હાઉસિંગ સર્વિસ મંડળીઓ આવેલી છે. આ ઉપરાંત, શહેરીકરણના વેગ સાથે જિલ્લામાં કુલ ૯૬૦ હાઉસિંગ મંડળીઓ કાર્યરત છે.

પશુપાલન અને શ્વેતક્રાંતિ ક્ષેત્રે જિલ્લાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ રાષ્ટ્રીય સ્તરે આદર્શ છે. જિલ્લામાં વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. કાર્યવિસ્તાર ધરાવે છે જેમાં ૪૫૩ મંડળીઓ કાર્યરત છે. ગ્રામીણ વિસ્તારોમાં શ્વેતક્રાંતિને વેગ આપવામાં ધરમપુર તાલુકા મોખરે છે. ધરમપુર તાલુકામાં સૌથી વધુ ૧૫૨ અને વલસાડ તાલુકામાં ૧૩૨ દૂધ મંડળીઓ ગ્રામીણ રોજગારીનું મુખ્ય માધ્યમ બની છે.




ખેડૂતોને ધિરાણ અને અન્ય કૃષિ સહાય પૂરી પાડતી મંડળીઓમાં સેવા/ક્રેડિટ/લેમ્પસ મંડળીઓની સંખ્યા ૧૧૬ છે, જ્યારે બિન-કૃષિ ધિરાણ મંડળીઓની સંખ્યા ૧૩૯ જેટલી છે. જિલ્લામાં ગ્રાહક સહકારી મંડળીઓ ૧૩ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ ૨૫ અને ફળ-શાકભાજી મંડળીઓ ૫૬ જેટલી સક્રિય છે. આ મંડળીઓ ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સેતુ બનીને વ્યાપારી શોષણ અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, વલસાડ જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) શ્રી બ્રિજેશ છત્રોલાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ૨૯ જૂન થી ૦૬ જુલાઈ - ૨૦૨૬ દરમ્યાન વલસાડ જિલ્લાની વિવિધ સહકારી બેંકો, દૂધ ઉત્પાદક સહકારી સંઘો, ખરીદ-વેચાણ સંઘો, તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (ખ્ભ્પ્દ) તેમજ ગ્રામ્ય સ્તરની પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (ભ્ખ્લ્) ખાતે વ્યાપક અને વિશેષ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આમ, સહકારથી સમૃદ્ધિના મંત્રને સાર્થક કરતા જિલ્લામાં બેંકો, દૂધ મંડળીઓ, હાઉસિંગ, ખરીદ-વેચાણ સંઘ અને ખેતી વિષયક મંડળીઓ તથા અન્ય મંડળીઓ મળીને કુલ ૩૦૧૨ સંસ્થાઓ લોકભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહી છે. આંતરરાષ્ટ્રીય સહકારી દિવસે જિલ્લાની આ મજબૂત સહકારી વ્યવસ્થા વધુ સશક્ત બની નાગરિકો આત્મનિર્ભર બને તેવી દિશામાં આગળ વધી રહી છે.

# કપરાડામાં પહેલા વરસાદે મોટા ચેકડેમો છલકાતાં ખેડૂતોમાં ખુશીની લહેર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ચીવલ, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ચોમાસાની શરૂઆતમાં જ સારા વરસાદને કારણે અનેક મોટા ચેકડેમો પાણીથી છલકાઈ ઉઠ્યા છે. વર્ષોથી વરસાદ આધારિત ખેતી કરતા આદિવાસી વિસ્તારના ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. જળસંચયની અસરકારક વ્યવસ્થાને કારણે આગામી સિંચાઈની જરૂરિયાતો પૂરી થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જળસંચયને મજબૂત બનાવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પ્રમાણમાં કામગીરી કરવામાં આવી છે. અંદાજે રૂા. ૩૩.૫૨ કરોડના ખર્ચે ૨૩ મોટા ચેકડેમ, રૂા. ૪૧.૧૮ કરોડના ખર્ચે ૫ વીયર, રૂા. ૭૩ કરોડના ખર્ચે ૩૫ નવા ચેકડેમ તેમજ રૂા. ૧૨ કરોડના ખર્ચે ૩૪ વિવિધ જળસંચયના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ યોજનાઓથી વરસાદી પાણીનો સંગ્રહ વધતા ખેડૂતોને વર્ષભર ખેતી માટે પાણી ઉપલબ્ધ બનશે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ અગાઉ સિંચાઈની પૂરતી વ્યવસ્થા ન હોવાથી માત્ર વરસાદ આધારિત ખેતી કરવી પડતી હતી. હવે ચેકડેમોમાં પાણી ભરાવાથી ધાન ઉપરાંત શાકભાજી, કેળા અને અન્ય રોકડ પાકોની ખેતી પણ સરળ બનશે. ખેડૂતોનું માનવું છે કે જો ચેકડેમોની ઊંચાઈ વધારવામાં આવે તો વધુ પાણીનો સંગ્રહ થઈ શકે અને તેનો લાંબા સમય સુધી લાભ મળશે.

આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પાણી સૌથી મહત્વપૂર્ણ આધાર હોવાનું જણાવતાં પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ રાજ્ય સરકારની વનબંધુ યોજના અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંતુલિત વિકાસના અભિગમની પ્રશંસા કરી હતી. વહીવટી તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ જળસંચયના નવા કામો માટે ઘણી વખત વિવિધ વિભાગોની મંજૂરી લેવાની પ્રક્રિયા લાંબી બનતી હોવાથી કામગીરીમાં વિલંબ થાય છે. તેમ છતાં આગામી સમયમાં વધુ જળસંચય યોજનાઓ ઝડપથી પૂર્ણ થાય તેવી સ્થાનિકોની અપેક્ષા છે.

# કપરાડાના પાંડવ કુંડમાં ચોમાસાની કુદરતી સૌંદર્ય માણવા પ્રવાસીઓનો ધસારો વધ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ વિસ્તારમાં આવેલી કોલક નદી કિનારે આવેલું પાંડવ કુંડ ચોમાસાની ઋતુમાં મનમોહક સૌંદર્યથી છલકાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી પડેલા સારા વરસાદને કારણે નદીમાં નવા નીર આવ્યા છે, જેના પરિણામે પાંડવ કુંડનું કુદરતી સૌંદર્ય વધુ આકર્ષક બન્યું છે. આ નયનરમ્ય દ્દશ્યો નિહાળવા માટે સ્થાનિકો ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. લોકવાયકા મુજબ ભગવાન શ્રીરામ પોતાના વનવાસ દરમિયાન આ વિસ્તારમાં આવ્યા હતાં અને આ સ્થળનું ઐતિહાસિક તથા ધાર્મિક મહત્વ પણ હોવાનું માનવામાં આવે છે. આ માન્યતાને કારણે વર્ષભર શ્રદ્ધાળુઓ અને પ્રકૃતિપ્રેમીઓ અહીં મુલાકાતે આવે છે, જ્યારે ચોમાસામાં સ્થળની સુંદરતા અનેકગણી વધી જાય છે.

વન વિભાગ દ્વારા પાંડવ કુંડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે અહીં સુંદર ગાર્ડન સહિત વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. હરિયાળાં વૃક્ષો, સ્વચ્છ વાતાવરણ, વહેતું પાણી અને શાંતિપૂર્ણ માહોલ પ્રવાસીઓને વિશેષ આકર્ષે છે. કુટુંબ સાથે ફરવા, પ્રકૃતિનો આનંદ માણવા તેમજ ફોટોગ્રાફી માટે પણ આ સ્થળ લોકપ્રિય બન્યું છે. સ્થાનિકોનું માનવું છે કે જો પ્રવાસન સંબંધિત વધુ સુવિધાઓ અને યોગ્ય પ્રચાર કરવામાં આવે તો પાંડવ કુંડ દક્ષિણ ગુજરાતનું મહત્વનું ઈકો-ટુરિઝમ કેન્દ્ર બની શકે છે. જોકે, પ્રવાસીઓને પણ સ્થળની સ્વચ્છતા જાળવવા અને કુદરતી પર્યાવરણને નુકસાન ન પહોંચાડવાની અપીલ કરવામાં આવી છે. ચોમાસાની હરિયાળી વચ્ચે પાંડવ કુંડ હાલ પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે.

# ધરમપુર રાજચંદ્રમાં આપદા મિત્રોની તાલીમ -માર્ગદર્શન સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** વલસાડ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા વધારવા અને સ્થાનિક સ્તરે સ્વયંસેવકોનું માળખું ઉભું કરવા જિલ્લાના NSS/MYB (માય યુવા ભારત)ના વિદ્યાર્થીઓ માટે યુવા આપદા મિત્રોની સાત દિવસીય તાલીમ ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ચાલી રહી છે. જેના ચોથા દિવસે ગુજરાત સરકારની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડાયરેકટર (ફાયનાન્સ) બી.એફ. પટેલે મુલાકાત લઈ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

વલસાડ જિલ્લાના ફલ્લ્ના કુલ ૩૮ વિદ્યાર્થીઓ અને માય યુવા ભારતના કુલ-૪૭ સ્વયંસેવકો હાલમાં તાલીમ લઈ રહ્યા છે. જેઓને જીએસડીએમએના ડાયરેકટ બી.એફ. પટેલે આપત્તિ વ્યવસ્થાપનનું મહત્વ સમજાવી તાલીમમાં આપત્તિ વ્યવસ્થા વિષેની માહિતી આપી જણાવ્યું કે, જ્યારે ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળે તેવા સંજોગોમાં અન્ય કોઈને પણ રસ્તો ક્રોસ કરવા દેવો નહીં તેમજ પોતે પણ રસ્તો ક્રોસ કરવો નહી. આપદા મિત્રો માટે આ ટ્રેનિંગ ખૂબ જ મહત્વની ગણાય છે. આ તાલીમમાં તમે જે શીખી રહ્યા છો તે જીવનમાં તમને ચોક્કસ કામ લાગશે અને લોકોના જીવનમાં મદદરૂપ થવાનો અવસર મળશે. તા. ૭ જુલાઈના રોજ પ્રથમ તબક્કાની આ તાલીમ પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં અન્ય આપદા મિત્રોને તાલીમ આપવામાં આવશે. ચોમાસામાં પૂર વખતે આપદા મિત્રોની ભૂમિકા મહત્વની હોય છે.

તાલીમ બાદ તમામ વિદ્યાર્થીઓને યુવા આપદા મિત્રો તરીકે આઈ કાર્ડ અને સર્ટિફિકેટ અને રિસ્ક્યુ કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# નાનાપોંઢામાં વાવણી સિઝન અંતર્ગત પ્રાકૃતિક ખેતી શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના સલવાવ, છીરી અને છરવાડા ગામમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન સંગીતાબેન દ્વારા પ્રાકૃતિક કૃષિમાં આવતા પાંચ આયામોને ધ્યાનમાં લઈને હાલમાં ચોમાસામાં વાવણી સિઝનમાં ઉપયોગી બીજામૃત અને જીવામૃતથી થતા ફાયદા વિશે માહિતી આપી જણાવ્યું કે, ધરતી આપણી માતા છે અને એને સાચવવું એ આપણા બધાની ફરજ છે. ધરતી માતા હશે તો જ આપણું જીવન શકય છે. આ માતા આપણને પાણી, અનાજ, શાકભાજી, કઠોળ અને ફળ પાક વગેરે પાકો આપે છે. આપણે ચાર દાણા ધરતી માતને આપીએ તો, ૪૦૦ દાણા ધરતી માતા આપણને આપે છે. જેથી ધરતી માતાની માવજત ખૂબ જ જરૂરી છે. જે પ્રાકૃતિક ખેતી દ્વારા જ શક્ય બને છે. રાસાયણિત ખાતરથી આપણી જમીન બંજર બની રહી છે. જેને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી જ એક માત્ર વિકલ્પ છે. એમ સૌ ખેડૂતોને આ શિબિરમાં સમજણ આપી પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.

# ધરમપુરમાં શૈક્ષણિક મહાસંઘે નવનિયુક્ત પદાધિકારીઓ સાથે મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ, વલસાડ જિલ્લા તથા તાલુકા ટીમના પ્રતિનિધિઓએ ધરમપુર સર્કિટ હાઉસ ખાતે વલસાડ જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના નવનિયુક્ત ચેરમેન મણિલાલ ગાંવીત, બાંધકામ સમિતિના ચેરમેન ઉર્મિલાબેન ગણેશભાઈ બિરારી તેમજ ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન સતીસભાઈ ચૌધરીને શુભેચ્છા પાઠવી સૌજન્ય મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લાના શિક્ષણ ક્ષેત્રના વિવિધ પ્રશ્નો, શિક્ષકોના હિત, શૈક્ષણિક ગુણવત્તામાં વધારો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર હકારાત્મક અને રચનાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

પ્રસંગે પાનવાના સરપંચ સતીસભાઈ ચૌધરી તથા તિસકરીના સરપંચ દિનેશભાઈ ભોંયા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

શિક્ષણ સમિતિના ચેરમેન મણિલાલ ગાંવીતે મહાસંઘ દ્વારા રાષ્ટ્રહિત, શિક્ષણહિત અને બાળકલ્યાણ માટે કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે મહાસંઘનું યોગદાન પ્રશંસનીય છે અને ભવિષ્યમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓના હિતના પ્રશ્નોમાં સંકલન સાથે પૂર્ણ સહયોગ આપવામાં આવશે. અંતે મહાસંઘની જિલ્લા ટીમે તમામ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી તેમના સફળ અને લોકહિતકારી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

# ચીવલ હાઈવે પર વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી હાથ ધરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૫ :** નાનાપોંઢા તાલુકાના ચીવલ વિસ્તારમાં ૮૪૮ નેશનલ હાઈવે પર વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો અહેવાલ દમણગંગા ટાઈમ્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા બાદ નેશનલ હાઈવે સત્તાવાળાઓ હરકતમાં આવ્યા હતાં. અહેવાલ બાદ સંબંધિત વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કરી વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી કામગીરી હાથ ધરી હતી.

ચીવલ રોડ પર દર વર્ષે ચોમાસા દરમિયાન પાણી ભરાવાથી વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાને લઈને સ્થાનિકોમાં લાંબા સમયથી અસંતોષ હતો. દમણગંગા ટાઈમ્સે સમસ્યાને પ્રાધાન્ય આપીને રજૂ કર્યા બાદ તંત્રએ તાત્કાલિક પગલાં લીધા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

નેશનલ હાઈવે વિભાગ દ્વારા પાણીના નિકાલમાં અવરોધરૂપ બનેલા સ્થળોની સફાઈ, ડ્રેનેજ વ્યવસ્થાની તપાસ અને પાણીનો પ્રવાહ સરળ બને તે માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. સ્થાનિકોએ આશા વ્યક્ત કરી છે કે આ કાર્યવાહીથી આગામી વરસાદ દરમિયાન રસ્તા પર પાણી ભરાવાની સમસ્યામાં રાહત મળશે.સ્થાનિક લોકોએ પણ જનહિતના પ્રશ્નોને ઉજાગર કરવા બદલ દમણગંગા ટાઈમ્સનો આભાર વ્યક્ત કર્યો હતો અને તંત્ર પાસે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ પુનરાવર્તિત કરી હતી.

# માંડવા ચોકડી પાસે ગ્રામજનોએ સ્વખર્ચે કિચડની સમસ્યા દુર કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** નાનાપોંઢા તાલુકાના માંડવા ચોકડી (ફાટક) વિસ્તારમાં ચોમાસા દરમિયાન સર્જાતી કિચડની સમસ્યાનો ગ્રામજનોએ સ્વયં આગળ આવીને પ્રશંસનીય રીતે ઉકેલ લાવ્યો છે. કોઈ સરકારી સહાયની રાહ જોયા વિના ગ્રામજનોએ સ્વખર્ચે ગ્રીટ મંગાવી શ્રમદાન સાથે સ્થળ પર પાથરી હતી, જેના કારણે મુસાફરો અને સ્થાનિકોને મોટી રાહત મળી છે.



ચોમાસાના પ્રથમ વરસાદ બાદ ચોકડી વિસ્તારમાં ભારે કિચડ થવાને કારણે અગાઉ મૂકવામાં આવેલા બાંકડાંનો ઉપયોગ પણ શક્ય બનતો ન હતો. ખાસ કરીને બસની રાહ જોતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગામના જાગૃત આગેવાનો અને ગ્રામજનોએ સામૂહિક પ્રયાસો કરીને ગ્રીટ પાથરી સમગ્ર વિસ્તાર સમતળ બનાવ્યો હતો. પરિણામે હવે મુસાફરો માટે બેસવાની તેમજ અવરજવર કરવાની સુવિધા વધુ સરળ અને સુરક્ષિત બની છે. માંડવા ચોકડી વિસ્તારમાં દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી આ સેવાભાવી પહેલનો લાભ અનેક મુસાફરો અને ગ્રામજનોને મળી રહ્યો છે. ગ્રામજનોએ સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં સ્થાનિકોમાં તેમની કામગીરીની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

# નાની ઢોલડુંગરી પ્રાથ. શાળામાં વાલી બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** ની નાની ઢોલડુંગરી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સત્રની વાલી બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યે ઉપસ્થિત વાલીઓનું સ્વાગત કરી શાળાની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, નિયમિત હાજરી, ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ વાલીઓની સહભાગિતાના મહત્વ વિશે વિસ્તૃત





માર્ગદર્શન આપ્યું હતું. શાળા વ્યવસ્થાપન સમિતિના શિક્ષણવિદ્ અને નિવૃત્ત તાલુકા પ્રા. શિક્ષણાધિકારી રમેશભાઈ પટેલ, અગ્રણી બાબુભાઈ - ધીરુભાઈ પટેલ વિ. ઉપસ્થિત રહી પ્રસંગાનુરૂપ માર્ગદર્શન આપી શિક્ષણના મહત્વ, વિદ્યાર્થી ઘડતર અને વાલી-શાળા વચ્ચેના સુમેળ અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. શિક્ષકો ડો. વિરેન્દ્ર ગરાસિયા,કાંતિભાઈ, હેતલબેન દેશમુખ અને વિશાલભાઈએ પણ વાલીઓને સંબોધન કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણની ગુણવત્તા પર ભાર આપ્યો હતો. અંતમાં વાલી મિત્રો સાથે સુરુચિ ભોજન કરવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 06, July 2026


## તેલની ધાર જોયા પછી કિંમત અંગે નિર્ણય

કેટલાંક છમકલાં હજી થઈ રહ્યાં છે, પરંતુ અઢી મહિના ચાલેલું અમેરિકા-ઈરાન યુદ્ધ આખરે હાલ પૂરતું સ્થગિત થયું છે. હોર્મુઝ દરિયાઈ વિસ્તાર ખુલ્યો અને ઈંધણ લઈને દેશ-દેશાવર જતા જહાજોની ગતિ અને સંખ્યા વધ્યાં છે. યુદ્ધ પૂર્ણ થયેલું ઘોષિત થતાં દુનિયાના અન્ય દેશોએ પણ રાહત અનુભવી છે. જો કે, જેની આશા છે તે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાના સારા દિવસો હજી દૂર છે. આ કોઈ સૂત્રો આધારિત અહેવાલ નથી, પરંતુ ભારતની કેન્દ્ર સરકારે સત્તાવાર રીતે કરેલી જાહેરાત છે. સરકાર પાસે અલબત્ત, આવું કહેવા માટે કારણ છે અને તે સાવ પાયાવિહોણુ નથી, પરંતુ પ્રજાને તો થયેલું હાશ અને મનમાં જાગેલી આશ અધૂરાં છે. કેન્દ્રના પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ સ્પષ્ટ કહ્યું કે, પેટ્રોલ-ડીઝલનો જથ્થો આપણને હવે પૂરતી માત્રામાં પ્રાપ્ત છે, પરંતુ તેની કિંમત અત્યારે છે તેના કરતાં તાત્કાલિક ઓછી નહીં થાય. મે માસ પૂર્વેના ભાવ થવામાં થોડો સમય લાગશે. યુદ્ધની અત્યંત વિષમ સ્થિતિમાં પણ ઈંધણની અછત સર્જાઈ નહોતી. જો કે, કેન્દ્ર સરકારે ક્રૂડના ભાવ જ્યારે-જ્યારે ઓછા થયા ત્યારે પણ ઈંધણના ભાવ ઘટાડયા નહોતા. યુદ્ધ શરૂ થયા પછીના દોઢ માસ સુધી કિંમત વધી પણ નહોતી, સરકારી પેટ્રોલિયમ કંપનીઓની દૈનિક ખોટ રૂા. ૧૬૦૦ કરોડ હતી. યુદ્ધ સમાપ્ત થઈ જાય તેવી આશા સાચી ન પડી આખરે ભારતમાં પેટ્રોલ, ડીઝલ, ગેસના ભાવમાં વધારો થયો. આ સ્થિતિની અસર મોંઘવારી ઉપર પડી. અન્ય ચીજવસ્તુના ભાવ પણ વધ્યા હતા. ગયા અઠવાડિયે સંધિ થઈ, અલબત્ત, ઈઝરાયલ ઉપર હુમલા ચાલુ રહ્યા, થોડું ઘર્ષણ થયું, પરંતુ યુદ્ધ અત્યારે નથી. લોકોને આશા હતી કે પેટ્રોલનો પુરવઠો પર્યાપ્ત છે તો હવે કિંમત ઘટશે. મંત્રીએ કહ્યું એમ તાત્કાલિક નહીં ઘટે, ક્રૂડના ભાવ હજી બે-ત્રણ માસ સ્થિર રહે, વધે નહીં પછી પણે ભાવ ઘટાડવાનો નિર્ણય લઈ શકીએ. સરકારનો દૃષ્ટિકોણ એ છે અત્યારે જે ગેસ કે ઈંધણ છે તે બે-ત્રણ માસ પૂર્વે વધેલા ભાવે ખરીદેલું છે, તેથી તેના ભાવ જો ઘટે તો કંપનીઓની ખોટ ઘટે. ઉચ્ચ આંતરરાષ્ટ્રીય કિંમતો વચ્ચે સરકારી કંપનીઓએ નુકસાન સહન કર્યું હતું. હવે ઘટેલા ભાવની સ્થિતિમાં કંપનીઓ પોતાની તે ખોટ સરભર કરી રહી છે.

# ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ એક પ્રયોગ છે : સરકાર

### લોકોનો આરોપ છે કે ઈથેનોલ મિશ્રણથી તેનાથી ગાડીના માઈલેજ અને તેના એન્જિન તથા પાર્ટ્સ પર અસર પડશે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : પેટ્રોલમાં ઈથેનોલ બ્લેંડિંગને લઈને વિરોધ વધી રહ્યો છે. લોકોનો આરોપ છે કે તેનાથી ગાડીની માઈલેજ અને તેના એન્જિન, પાર્ટ્સ પર અસર પડશે. તો સરકારે ખુદ સુપ્રીમ કોર્ટમાં તે વાત માની છે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ એક પ્રયોગ છે, જેના પરિણામ આગામી વર્ષ સુધી આવશે. હવે સરકાર દાવો કરી રહી છે કે તેનાથી માઈલેજ અને એન્જિન પર વધુ નકારાત્મક અસર દેખાશે નહીં.

દિલ્હીમાં ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સની પત્રકાર પરિષદ પર સરકાર તરફથી સામેલ એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડના પ્રથમ મહિલા અધ્યક્ષ તથા મેનેજિંગ ડિરેક્ટર વર્તિકા શુક્લાએ દાવો કર્યો કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ પ્રોગ્રામને રાતો-રાત લોન્ચ કરવામાં આવ્યો નથી, તે માટે રિસર્ચ, વૈજ્ઞાનિક અને સ્ટેપ-બાય-સ્ટેપ પ્રોસેસ પુરી કરવામાં આવી છે, ત્યારબાદ E20 મિશ્રણનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ માટે વૈશ્વિક પ્રેક્ટિસ અપનાવવામાં આવી છે અને દુનિયાની ટોપ એજન્સી પણ તેનો ટેસ્ટ કરી ચૂકી છે. તેમણે દાવો કર્યો છે કે તેની ગાડીઓ પર અસર પડશે નહીં.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી ખુદ તે વાતનો સ્વીકાર કરી ચૂક્યા છે કે માઈલેજમાં ઘટાડો થયો છે. પરંતુ તેમણે આ ઘટાડાને સામાન્ય ગણાવ્યો. તેમણે ખુદ સ્વીકાર્યું કે તેનાથી ગાડીઓનું પિકઅપ (એક્સેલેરેશન) વધે છે અને એન્જિનના નોકિંગમાં સુધાર થાય છે. તો મારૂતિ સુઝુકીના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ ઓફિસર રાહુલ ભારતી પ્રમાણે ઈ૨૦ પેટ્રોલથી કારનું માઈલેજ ત્રણ ટકા સુધી ઘટી શકે છે.

સરકાર અને ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટનું કહેવું છે કે મોટા પાસા પર થયેલા ટેસ્ટિંગમાં ઈ૨૦ પેટ્રોલથી ગાડીઓને નુકસાન પહોંચવાના કોઈ પૂરાવા મળ્યા નથી. ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન લિમિટેડના પૂર્વ ચેરમેન બી અશોકે કહ્યુ કે, ઈ૨૦ મિશ્રણને લઈને કોઈ વૈજ્ઞાનિક પૂરાવા નળી મળ્યા કે તેનાથી ગાડીના એન્જિનને નુકસાન પહોંચે છે.

## મેલબોર્ન મીટ્સ મોદી કાર્યક્રમમાં હુમલાની ધમકી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાના છે. આ પ્રવાસ પહેલા તેમને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધ ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, પીએમ મોદી સામેની આ ધમકી બાદ ઓસ્ટ્રેલિયન સુરક્ષા અધિકારીઓને એલર્ટ કરવામાં આવ્યા છે અને તેમણે આ મામલાની તપાસ શરૂ કરી છે. તેમની મુલાકાતના શેડ્યૂલ મુજબ, પીએમ મોદી ૯ જુલાઈના રોજ 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમ મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમમાં યોજાવાનો છે. આ ધમકીમાં આ કાર્યક્રમ દરમિયાન હુમલો થવાની શક્યતા છે. પીએમ મોદી સામે જાનથી મારી નાખવાની ધમકી આ કાર્યક્રમનો પ્રચાર કરતી પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં આપવામાં આવી હતી. અહેવાલો અનુસાર, અબુ મુસ્તફા નામના ફેસબુક એકાઉન્ટ પરથી એક કોમેન્ટ પોસ્ટ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, ઈવેન્ટ દરમિયાન સ્ટેડિયમની છત બંધ રહે તો સારું, નહીં તો તેઓ ઓસ્ટ્રેલિયા તેમના મોતને ભેટવા આવી રહ્યા છે. પોસ્ટ સામે આવ્યા પછી તરત જ આ મામલો ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

એવું અહેવાલ છે કે તપાસ એજન્સીઓએ સોશિયલ મીડિયા પોસ્ટ સાથે સંકળાયેલ IP એડ્રેસ ઓળખી કાઢ્યું છે અને હવે તે નક્કી કરવા માટે કામ કરી રહી છે કે કોમેન્ટ કોણે કરી અને તેનો મૂળ હેતુ શું હતો. અધિકારીઓ આ કિસ્સામાં કોઈ ફોજદારી કાયદાનું ઉલ્લંઘન થયું છે કે કેમ તેની પણ તપાસ કરી રહ્યા છે.

જોકે ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસે હજુ સુધી તપાસ અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી, સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે ઓસ્ટ્રેલિયન સુરક્ષા એજન્સીઓ કોઈપણ દેશના વડા અથવા સરકારના વડા સામેની ધમકીઓને અત્યંત ગંભીરતાથી લે છે. વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ, રાજ્ય પોલીસ દળો અને વિશિષ્ટ સુરક્ષા એકમો સહિત અનેક એજન્સીઓ વચ્ચે વહેંચવામાં આવશે. હાલમાં તમામ સુનિશ્ચિત કાર્યક્રમો માટે સુરક્ષા વ્યવસ્થાની વ્યાપક સમીક્ષા ચાલી રહી છે.

## યુક્રેને રશિયા પર ૪૦૦ ડ્રોન વરસાવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૫ : રશિયા અને યુક્રેન વચ્ચેના આ રક્તરંજિત યુદ્ધને ૧,૫૯૨ દિવસ થઈ ચૂક્યા છે, છતાં બંને પડોશી દેશો વચ્ચેની દુશ્મની ઓછી થવાનું નામ નથી લઈ રહી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ અનેક પ્રયાસો છતાં બંને દેશો વચ્ચે સમાધાન કરાવવામાં સફળ રહ્યા નથી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં બંને દેશો વચ્ચેની લડાઈ વધુ ખતરનાક બની ગઈ છે. યુક્રેને અગાઉ રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને શોપિંગ સેન્ટરોને નિશાન બનાવી સતત ડ્રોન હુમલા કર્યા હતા, જેના જવાબમાં મોસ્કોએ પણ ભારે પ્રહાર કર્યા હતા. હવે ફરી એકવાર યુક્રેને રશિયાને પડકાર આપ્યો છે. આ વખતે યુક્રેનના ડ્રોન પુતિનના વતન સુધી પહોંચી ગયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

યુક્રેને શનિવારે રશિયા સામે અત્યાર સુધીનો સૌથી મોટો અને ઘાતક ડ્રોન હુમલો કરીને સીધા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના વતન સેન્ટ પીટર્સબર્ગને નિશાન બનાવ્યું હોવાનું કહેવાય છે.

રશિયન એજન્સીઓએ પણ કલ્પના કરી નહોતી કે યુદ્ધના મેદાનથી હજારો કિલોમીટર દૂર આવેલું શહેર અચાનક યુદ્ધનું મુખ્ય કેન્દ્ર બની જશે. શનિવારે યુક્રેનના ડ્રોનોએ રશિયાના બીજા સૌથી મોટા શહેર અને પુતિનના વતન સેન્ટ પીટર્સબર્ગમાં હુમલો કર્યો હતો. આ હુમલામાં સેન્ટ પીટર્સબર્ગનું એક મુખ્ય ઓઈલ ટર્મિનલ નિશાના પર આવ્યું હોવાનું જણાવાયું છે. એટલું જ નહીં, નાટોના સભ્ય દેશ ફિનલેન્ડની સરહદ નજીક આવેલા એક રશિયન બંદર પર પણ યુક્રેને હુમલો કર્યો હોવાનું કહેવાય છે.

## પાસપોર્ટ રેન્કિંગમાં ભારત ટોપ-૧૦૦ માંથી બહાર




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસની સુવિધા અને પાસપોર્ટની મજબૂતાઈ દર્શાવતા 'ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૬' ના તાજા આંકડા જાહેર થઈ ગયા છે. આ વર્ષના ઈન્ડેક્સમાં ભારતીય પાસપોર્ટના રેક્કિંગમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો છે અને ભારત ખસીને ૧૨૫મા સ્થાન પર આવી ગયું છે. આ રેક્કિંગ ઘટવાને કારણે હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના માત્ર ૨૬ દેશોમાં જ વિઝા વિના (Visa-Free) અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા સાથે પ્રવાસ કરી શકશે. વર્ષ ૨૦૨૫ માં ભારત ૧૨૪મા ક્રમે હતું, પરંતુ આ વર્ષે તેમાં એક સ્થાનનો ઘટાડો થયો છે અને દેશ ટોપ ૧૦૦ ની યાદીથી વધારે દુર થયો છે. વૈશ્વિક યાદીમાં ભારતીય પાસપોર્ટનું રેક્કિંગ નામિબિયા કરતાં પણ નીચે છે. આ ઉપરાંત ફિલિપીન્સ, મોરોક્કો અને ઉઝબેકિસ્તાન જેવા દેશો પણ આ યાદીમાં ભારત કરતાં આગળ છે. જ્યારે ભારત અઝરબૈજાન અને કિર્ગિઝસ્તાન કરતાં વધુ સારી સ્થિતિમાં છે. હાલમાં ભારતીય નાગરિકો ભૂટાન, નેપાળ, જમૈકા, મકાઉ, પેલેસ્ટાઈન, ટ્યુનિશિયા, અંગોલા અને બાર્બાડોસ જેવા ૨૬ સ્થળોએ વિઝા વગર જઈ શકે છે. જોકે, અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ, ચીન અને યુએઈ (UAE) સહિત વિશ્વના આશરે ૮૮ દેશોમાં પ્રવેશવા માટે ભારતીયોએ આજે પણ ફરજિયાત વિઝા લેવા પડે છે. ભારતના પાડોશી દેશોની વાત કરીએ તો, ચીન ૧૦૪મા ક્રમે છે જે ભારત (૧૨૫મું સ્થાન) કરતાં ઘણું આગળ છે. જોકે, દક્ષિણ એશિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ઈન્ડેક્સમાં બાંગ્લાદેશ ૧૬૬મા, નેપાળ ૧૬૪મા અને પાકિસ્તાન ૧૮૮મા સ્થાને છે.

## ભારત વિરુદ્ધ ચીનની ૫૦૦૦ કિ.મી. દેખરેખ રાખતી રડાર સિસ્ટમ એક્ટિવ



(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજીંગ, તા.૫ : સરહદ પર હથિયાર નહીં, પરંતુ આ વખતે ચીને પોતાની ગુપ્ત 'નજર' મજબૂત કરી છે. યુનાન પ્રાંતમાં સક્રિય થયેલું નવું LPAR રડાર ભારત માટે નવી વ્યૂહાત્મક ચિંતા ઉભી કરી શકે છે, કારણ કે તે ભારતની તમામ મિસાઈલ ટેસ્ટિંગ પર નજર રાખવામાં સક્ષમ છે. ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ચીને મ્યાનમાર સરહદને અડીને આવેલા પોતાના યુનાન પ્રાંતમાં લાર્જ ફેસ્ડ એર રડાર (LPAR) કાર્યરત કરી દીધું છે. આ રડારની રેન્જ ૫૦૦૦ કિલોમીટરથી વધુ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ રડાર ભારતના મિસાઈલ પરીક્ષણોને ટ્રેક કરવા અને હિંદ મહાસાગરના મોટા હિસ્સા પર નજર રાખવા માટે સક્ષમ છે. આથી, સુરક્ષાના દ્રષ્ટિકોણથી તેને ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

ચીન છેલ્લા કેટલાક વર્ષોથી પોતાની સર્વેલન્સ સિસ્ટમને સતત મજબૂત કરી રહ્યુ છે. આ જ કડીમાં યુનાનમાં લગાવવામાં આવેલું, આ નવું LPAR રડાર ખૂબ મહત્વનું છે. આ રડાર દૂરથી જ બેલિસ્ટિક મિસાઈલ શોધી શકે છે, તેની ઉડાન પર નજર રાખી શકે છે, અને તેની સચોટ માહિતી એકત્રિત કરી શકે છે. તેની ૫૦૦૦ કિલોમીટરથી વધુની ક્ષમતાને કારણે, ચીન ભારતના પૂર્વીય ભાગ, બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના વિશાળ વિસ્તાર પર સરળતાથી નજર રાખી શકશે. આ રડાર ઓડિશાના ડો. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી થતા મિસાઈલ પરીક્ષણોને પણ ટ્રેક કરી શકે છે. ભારત આ જ સ્થળેથી અગ્નિ-૫, કે-૪ અને અન્ય આધુનિક મિસાઈલોનું પરીક્ષણ કરે છે. જો કોઈ દેશને, આ મિસાઈલોની ઉડાન અને અન્ય ટેકનિકલ માહિતી મળી જાય, તો તે પોતાની સંરક્ષણ તૈયારીઓને તે જ મુજબ મજબૂત કરી શકે છે, જે ભારત માટે ચિંતાનો વિષય છે. યુનાનમાં આ રડારનું લોકેશન એવું છે કે, ચીન બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના મોટા હિસ્સાની દેખરેખ રાખી શકે છે.

## હવામાન વિભાગની અતિભારે વરસાદની ૧૪ રાજ્યોમાં આગાહી

**મહારાષ્ટ્ર, છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદની આગાહી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : બંગાળની ખાડીમાં સર્જાયેલા ગંભીર લો પ્રેશરના કારણે દેશભરમાં ચોમાસું અત્યંત આક્રમક બન્યું છે. હવામાન વિભાગ (IMD) દ્વારા આગામી ૪૮ કલાક માટે દેશના વિવિધ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ અતિવૃષ્ટિની સૌથી ગંભીર અસર મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે, જ્યાં મુંબઈ, પુણે અને રત્નાગિરી સહિતના વિસ્તારો માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદ અને ભારે ઝડપે પવન ફૂંકાતા જનજીવન પ્રભાવિત થયું છે અને અસંખ્ય વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ મોનસૂન સંપૂર્ણ સક્રિય હોવાથી રાજકોટ, જૂનાગઢ અને અમરેલી જેવા જિલ્લાઓમાં અતિ તીવ્ર વરસાદની કડક ચેતવણી જારી કરવામાં આવી છે.

મહારાષ્ટ્રના મુંબઈ, પુણે, સતારા અને રત્નાગિરી જેવા મોટા શહેરો માટે ૬ જુલાઈએ રેડ એલર્ટ જાહેર કરાયું છે. મુંબઈમાં તેજ પવનના લીધે અનેક જગ્યાએ વૃક્ષો પડવાની દુર્ઘટનાઓ બની છે. કુર્લા વિસ્તારમાં એક મોટું વૃક્ષ દુકાન પર પડતાં ૬૩ વર્ષીય વૃદ્ધનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું, જ્યારે આરે કોલોનીમાં બાઈક પર વૃક્ષની ડાળી પડતાં ૧૮ વર્ષના એક યુવકે જીવ ગુમાવ્યો છે. તટીય વિસ્તારોમાં દરિયામાં ઊંચા મોજા ઉછળવાની આશંકા વચ્ચે ફાયર બ્રિગેડ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો તહેનાત કરી દેવાઈ છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રદેશોમાં આગામી ૬ જુલાઈ સુધી અત્યંત તીવ્ર વરસાદી દોર ચાલુ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગે રાજકોટ, જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ અને ભારે વરસાદની ખાસ ચેતવણી આપી છે. આ વિસ્તારોમાં ભારે પવન સાથે મુશળધાર વરસાદ પડવાની આશંકા છે.

## ભૂસ્ખલન થતાં દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસ વે ઠપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસવે ઉદ્ઘાટનના ટૂંક સમયમાં જ સવાલોના ઘેરામાં આવી ગયો છે. પહેલાં રસ્તા પર ખાડાઓનો વીડિયો વાઈરલ થયો હતો, અને હવે ભારે વરસાદ બાદ પહાડ પરથી મોટો કાટમાળ ધસી આવવાને કારણે એક્સપ્રેસવે બંધ કરવો પડ્યો છે. દહેરાદૂનથી દિલ્હી તરફ જતો, દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસવે ફરી એકવાર ખોરવાઈ ગયો છે. ગત મોડી રાત્રે થયેલા ભારે વરસાદ બાદ પહાડો પરથી મોટી માત્રામાં કાટમાળ એક્સપ્રેસવે પર આવી પડ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે રોકી દેવામાં આવ્યો છે. હાલમાં દહેરાદૂનથી દિલ્હી જતા વાહનોને જૂના રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. NHAI (નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ની ટીમ અને મશીનો વહેલી તકે વાહનવ્યવહાર પુનઃસ્થાપિત કરવા માટે સ્થળ પરથી કાટમાળ હટાવવાની કામગીરીમાં લાગેલા છે. જોકે, આ પહેલીવાર નથી જ્યારે, એક્સપ્રેસવે સવાલોના ઘેરામાં આવ્યો હોય. થોડા દિવસો પહેલા સોશિયલ મીડિયા પર એક્સપ્રેસ વે પર ખાડાઓનો વીડિયો પણ વાઈરલ થયો હતો. હવે ઉદ્ઘાટનના માત્ર ૨ મહિનાની અંદર જ વરસાદ દરમિયાન કાટમાળ આવી જતાં, તેની સુરક્ષા વ્યવસ્થા, પહાડોનું કટીંગ અને બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઉભા થઈ રહ્યા છે.

દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસવેનો એક હિસ્સો બેસી જવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ કડક કાર્યવાહી કરી છે.

## રાજ્યના કુલ ૧૯૬ તાલુકાઓમાં વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૫ : ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં સાંબેલાધાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજયના કુલ ૧૯૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં ૧૩૧ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. અનેક વિસ્તારોમાં ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે, તો નદી-નાળા ગાંડાતૂર બન્યા છે.

સૌથી વધુ વરસાદી આંકડા (છેલ્લા ૨૪ કલાક)
